સ્ત્રી કેળવણી અને સદ્વર્તન.

લેખક,

મણિલાલ નથુભાઈ દોશી. બી. એ.

રતનપોળ, અમદાવાદ.

પ્રકાશક,

ગદગની સુશ્રાવિકાઓ તરફથી

રતિલાલ વર્ધમાન શાહ. મુ. વઢવાણ

આવૃત્તિ ૪ થી. પ્રત ૨૦૦૦. કુલ. પ્રત ૬૫૦૦.

અમદાવાદ.

ધી " ડાયમંડ જ્યુબિલી " પ્રિન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

સંવત ૧૯૬૮. સને ૧૯૧૨.

મૂલ્ય અમૂલ્ય.

બે બોલ.

આ નાના ગ્રંથમાં પ્રથમ સ્ત્રી કેળવણીની શી આવશ્યકતા છે. તે દાખલા દલીલો સહિત બતાવવામાં આવ્યું છે, તેની સાથે હાલના જમાનામાં સ્ત્રીઓને કેવા પ્રકારની કેળવણી આપવી તેના વિવિધ માર્ગો દર્શાવવામાં આવ્યા છે. વળી સ્ત્રીઓએ સુશીલ સ્ત્રીના નામને પાત્ર થવાને કયા સદ્દગુણો મેળવવા જોઇએ તે જણાવવામાં આવ્યું છે. જૈન શાસ્ત્ર પ્રમાણે સ્ત્રીઓની કેટલી બધી મહત્તા છે, તે શાસ્ત્રના પુરાવા સાથે સાબીત કરી, ઉચ્ચ સ્ત્રીઓ જૈન કુટુંબમાં જન્મે તેને સારૂ લેવા જોઇતા ઉપાયો પણ સૂચવ્યા છે. છેવટે ગૃહસ્થાશ્રમમાં [illegible]ખવા લાયક કયા સદ્દગુણો છે, અને કયે રસ્તે ખીલી શકે તેની [illegible]ખુલાસા સાથે આ પુસ્તકમાં આપી છે. આશા છે કે વાંચકવર્ગ આ લેખો બરાબર કાળજીપૂર્વક વાંચી તેમાં જણાવેલા માર્ગો પ્રમાણે ચાલવાને દોરાશે, અને સ્ત્રીઓને ઉત્તમ પ્રકારની કેળવણી આપશે.

ચોથી આવૃત્તિની પ્રસ્તાવના.

ગદગ ગામની સુશ્રાવિકાઓ તરફથી રા. રતીલાલ વર્ધમાન શાહની સૂચના અનુસાર આ પુસ્તકમાં આ આવૃત્તિમાં કેટલોક યોગ્ય સુધારો વધારો કરવામાં આવ્યો છે, અને આ પુસ્તક પ્રકટ કરવાનું માન પણ તેમને ઘટે છે. જ્યારે સ્ત્રીઓ પોતાના ઉદય અર્થે વિચાર કરતી થશે ત્યારે કોમનો ઉદય ઘણી ત્વરાથી થશે. એ આશા ટુંક સમયમાં સફળ થાઓ!

રતનપોળ, અમદાવાદ.
તા. ૨૬—૮—૧૯૧૨.

લેખક,
મ. ન. દોશી.

સ્ત્રી કેળવણી અને સદ્વર્તન.

સ્ત્રી કેળવણી.

હાલના સમયમાં સ્ત્રી કેળવણીનો વિષય બહુજ ચર્ચાય છે, અને ઘણે ભાગે ઘણાખરા પુરૂષો તેની જરૂર કબુલ કરે છે. છતાં હજુ પણ કેટલાક માણસો એવા બ્હાર નીકળી આવે છે કે જેઓ સ્ત્રીઓને કેળવણી આપવાની જરૂર વિચારતા નથી. માટે આ લેખમાં સ્ત્રીઓને કેળવણી આપવાની બાબતમાં જે લોકો વિરૂદ્ધ વિચારો દર્શાવે છે, તે વિચારોમાં કેટલીક સત્યતા છે, અને કેટલે અંશે તે વિચારો ખરી સ્થિતિના અજ્ઞાનથી ઉપજેલા છે, તે વિચારીશું, અને તેની સાથે કેળવણી આપવાનાં બીજાં પણ કારણો તપાસીશું, અને છેવટે કેવા પ્રકારની કેળવણી આપવામાં આવે, તો વિરૂદ્ધ પક્ષ તરફથી જણાવવામાં આવતા દોષો કેળવાયલી સ્ત્રી વર્ગમાં માલુમ ન પડે, અને તે સાથે તેઓ સન્નારીના પદને લાયક થાય.

કોઈ પણ પ્રજાની, નાતની કે કોમની ઉન્નતિ અથવા અવનતિનો આધાર તે પ્રજા, નાત, કે કોમ જે પુરૂષોની બનેલી હોય છે, તેની ઉન્નતિ અથવા અવનતિ ઉપર રહેલો છે. જે કોમમા માણસો ઉચ્ચ વિચારના હશે, સદાચારી હશે, અને કોમ પ્રત્યે પોતાની ફરજો સમજીને [illegible] કરવા તત્પર હશે, તે કોમ જરૂર ઉચ્ચ સ્થિતિ મેળવશે. તેથી બીજી બાજુએ જે કોમના મનુષ્યોના આચારવિચાર હલકા હશે, અને પોતાના પંડનોજ વિચાર કરનારા જે કોમના મનુષ્યો હશે તે કોમની અવનતિ થવાની એ નિઃસંશય વાત છે, કારણ કે કોમ એ જુદી જુદી વ્યક્તિઓના સમુદાય સિવાય બીજી કોઈ અલગ સંસ્થા નથી.

જુદી જુદી વ્યક્તિઓની અવનતિ અથવા ઉન્નતિ ઉપર તે કોમની અવનતિ અથવા ઉન્નતિનો આધાર છે.

હવે દરેક વ્યક્તિની ઉન્નતિનો આધાર ઘણે ભાગે તેને બાળપણમાંથી મળતી કેળવણીપર રહેલો છે. કુમળા છોડને જેમ વાળીએ તેમ વળી શકે છે, અને મોટું થયે વાળવું બહુજ મુસ્કેલ પડે છે. નાનપણમાં જેવા સંસ્કારો રોપાયા હોય છે, તે સંસ્કારો મોટપણે પ્રફુલિત થાય છે. માટે વ્યક્તિની ઉન્નતિ અથવા અવનતિનો આધાર તેની માતાપર છે. કારણકે નાનપણમાં બાળક પિતા કરતાં માતા પાસે વધારે રહે છે. માટે માતાના જેવા ગુણદોષ હોય તેવા સંસ્કાર બાળકપર પડે છે. પાછળથી મળતી સ્કુલોની કેળવણીથી તેમાં કેટલોક ફેરફાર થઈ શકે, પણ તેનું વલણ તો ઘણે ભાગે માતાના આચારવિચારની સ્થિતિપર આધાર રાખે છે, માટે બાળકો ભવિષ્યમાં કેવાં નીકળશે, તેની જોખમદારી માતાપર રહેલી છે, અને બાળકોને કેળવવાનું કામ બરાબર રીતે માતા બજાવી શકે, તે માટે માતાઓ કેળવાયલી હોવી જોઇએ. એક સ્ત્રી જેને બે વર્ષનો પુત્ર હતો, તે એક વખત એક પાદરી પાસે ગઇ, અને પૂછ્યું કે આ બાળકને કેળવણી આપવાનું કામ ક્યારથી શરૂ કરવું? તે પાદરી હસ્યો અને બોલ્યો. "કેળવણીનું કામ તો બાળકનો આત્મા જ્યારથી ગર્ભમાં દાખલ થયો ત્યારથી શરૂ થયેલું છે." આ ઉપરથી આપણને જણાય છે કે બાળકને કેળવવાનું કામ જ્યારથી તે માતામાં ગર્ભરૂપે આવે છે ત્યારથી શરૂ થાય છે, અને માતાના આચારો તથા વિચારોની છાપ તે બાળક પડે છે, માતાઓની આ મોટી જોખમદારી છે, અને એ જોખમદારી યથાર્થ રીતે અદા કરી શકાય, તે માટે બાળાઓને–ભવિષ્યની માતાઓને વિદ્યાદાન આપો અને સાથે નીતિ અને ધર્મની ઉંડી છાપ પડે પુસ્તકો વંચાવો.

કેટલાક તરફથી એમ કહેવામાં આવે છે કે સ્ત્રીઓને કમાવા જવાનું નથી, અને તેટલા વાસ્તે તેમને કેળવવાની જરૂર નથી. જો કેળવણી આપવાનો હેતુ ફક્ત પૈસા કમાવવામાં તેમને મદદ કરવાનો હોય, તો તો એવું કહેનારાના વચન ઉપર કાંઇક વિશ્વાસ મૂકી શકાય ખરો. પણ વસ્તુસ્થિતિ તપાસતાં જણાય છે કે કેળવણીને ધન કમાવવાના સાધન તરીકેજ ફક્ત ગણવું, એ કેળવણી સંબંધીનો ઘણોજ એકદેશીય અને અધુરો વિચાર છે. કેળવણી એ આપણી માનસિક શક્તિઓને ખીલવે છે, અને તેથી કેળવણીના અભાવે સ્ત્રીવર્ગ જનસમાજને જેટલો ઉપયોગી થઇ શકે, તેના કરતાં વધારે ઉપયોગી કેળવણી પામ્યાથી થઈ શકશે, એ બાબત બે મત હોઇ શકેજ નહિ. કેળવણીથીજ પતિ તરફની, સાસુ સસરા અને વડિલ તરફની, અને પોતાના બાળકો તરફની, પોતાની ફરજો તેઓ સારી રીતે સમજશે અને વધારે સારી રીતે તે અદા પણ કરી શકશે. ખરી કેળવણીને લીધે હૃદય ખીલ્યા સિવાય, જે પ્રેમ સ્ત્રીને પુરૂષ સાથે હમેશને વાસ્તે પ્રેમની ઉચ્ચ ભાવનામાં જોડે છે, તે પ્રેમ સ્ત્રીના હૃદયમાં કેવી રીતે વૃદ્ધિ પામે ? જ્યારે છોકરાઓને કેળવવા માટે આટલો બધો ખર્ચ કરીએ છીએ અને જે લોકો છોકરાઓને કેળવતા નથી તેમને આપણે મૂર્ખ ગણીએ છીએ, તો પછી છોકરીઓને કેમ કેળવણી ન આપવી ? શું છોકરીઓને આત્મા નથી ? શું તેમનામાં લાગણીઓ નથી ? શું તેઓને મન નથી ? શું તેઓ સુખી થવાને ઇચ્છતી નથી ? જો આમ છે તો પછી તેમને વિદ્યાના અગણ્ય લાભથી વિમુખ રાખવી એ કેટલી સ્વાર્થતા અને અજ્ઞાનતા સૂચવે છે ?

સ્ત્રીઓની અને પુરૂષોની ફરજો વચ્ચે ભેદ છે તે વાત અમે કબુલ કરીએ છીએ, પણ સ્ત્રીઓને જે ફરજો બજાવવાની છે, તે તેઓ શું કેળવણી પામ્યા સિવાય બરાબર રીતે બજાવી [illegible]

જ્યાં સ્ત્રીઓ અભણ હોય છે, અને પરસ્પર કજીઆ કલેશ કરતી હોય છે, તેવો ગૃહસ્થાશ્રમ તે ગુલાબના ફુલ જેવો નહિ, પણ કાંટાથી ભરપુર છે. ઘર સ્ત્રીથી શોભે છે, અને જ્યાં સ્ત્રીઓ કેળવાયેલી ન હોય અને પોતાની ફરજો ન સમજતી હોય ત્યાં સુખની આશા શી રીતે રાખી શકાય ?

સ્ત્રી અને પુરૂષ જીવન રથના બે ચક્ર સમાન છે, જો તેમાંનું એક ચક્ર ભાગેલું હોય, અથવા અવ્યવસ્થિત સ્થિતિમાં હોય, તો રથ બરોબર ચાલી શકે નહિ. સ્ત્રી એ પુરૂષનું અર્ધું અંગ છે, તેથી તે અર્ધાંગના કહેવાય છે, અને જેને પક્ષઘાત (લકવો) થયો હોય છે, તેનું અર્ધું અંગ નકામું થાય છે, અને તેને લીધે બીજો સારો ભાગ પોતાની ફરજ બરાબર બજાવી શકતો નથી, તેજ રીતે જો સ્ત્રીરૂપ અર્ધું અંગ કેળવાયેલું ન હોય, તો મનુષ્ય પોતાનું કર્તવ્ય બરાબર કરી શકે નહિ.

આ જમાનો હરીફાઇનો અને રસાકસીનો છે, અને મનુષ્યોને જ્યાં ત્યાં ચિંતા અને ઉદ્વેગનાં કારણ મળે છે, અને અશાંતિનો મામલો વ્યાપી રહેલો છે, તેવા સમયમાં આખા દિવસની ધાંધલ અને હાડમારીથી છુટી ઘેર આવનારને સ્ત્રી એજ વિશ્રામનું સ્થાન છે, પણ તેની સ્ત્રી તેને વિશ્રામ આપવાને, અને તેના સુખ દુઃખમાં ભાગ લેવાને, અને મીઠી મીઠી અને આનંદદાયક વાતોથી તેના મનને રીઝવવાને બદલે તેના ચિત્તના ઉદ્વેગમાં વધારો કરે, પોતાના પતિની પૈસા સંબંધી કેવી સ્થિતિ છે તેનો લેશ માત્ર પણ વિચાર કર્યા સિવાય, અમુક વસ્તુ જે તેણીને સુંદર અથવા આકર્ષક લાગી હોય તે લાવી આપવાને આગ્રહ કરે, અથવા બીજી હરેક રીતે બળતામ ઘી હોમવા જેવું કાર્ય કરે, તો પછી તેને શાંતિ અથવા વિશ્રામ ક્યાંથી મળે? ઘર તેને કાંટાની પથારી રૂપ લાગે. આવી સ્થિતિ

કેટલા બધા ગૃહસ્થાશ્રમીઓની થાય છે તેનો સૌએ પોતાના અનુભવ પ્રમાણે વિચાર કરી લેવો. આવી સ્થિતિ અટકે અને સ્ત્રીઓ ખરેખર પતિના મિત્ર તરીકે, તેના પ્રેમપાત્ર તરીકે, કર્તવ્ય બજાવે, તે માટે એકજ બાબતની જરૂર છે, અને તે એ છે કે તેમને યોગ્ય પ્રકારની કેળવણી આપો. સ્ત્રીઓ પણ વિચારવંત અને બુદ્ધિશાળી પ્રાણી છે, અને ઘરની સુવ્યવસ્થા રાખવાને, તેઓના પોતાના સુખને સારૂ, અને લગ્ન સંબંધથી જેમના સંબંધમાં તે આવે, તે સર્વેને સુખ આપવાને સારૂ તેઓની વિચારશક્તિ અને બુદ્ધિને કેળવવાની જરૂર છે, નહિ તો પછી પશુ અને સ્ત્રીમાં જરા માત્ર પણ ભેદ રહેશે નહિ.

ધાર્મિક દૃષ્ટિથી આ બાબતનો વિચાર કરીએ તોપણ સ્ત્રીઓને કેળવવાની જરૂર જણાયા વગર રહેશે નહિ. ધર્મશાસ્ત્રો પ્રતિપાદન કરે છે કે પુરૂષો તેમજ સ્ત્રીઓ કેવળજ્ઞાન અથવા મોક્ષ મેળવી શકે. હૃદય અને મનની પૂર્ણ કેળવણી લીધા સિવાય આવી ઉચ્ચ સ્થિતિની ઝાંખી પણ થઇ શકવાનો સંભવ નથી, અને પ્રાચીન સમયની કેળવાએલી સ્ત્રીઓના અનેક દાખલાઓ જૈન શાસ્ત્રમાંથી મળી આવે છે.

ઘણાક કેળવાયેલા મનુષ્યો પાશ્ચાત્ય વિચારોને વશ થયા છે, છતાં એમના આર્ય રીત રીવાજો હજુ સર્વથા નાશ પામ્યા નથી, અને તેથી કરીનેજ પોતાની અભણ અને બીનકેળવાયેલી માતા તરફ પૂજ્યભાવ અને ભક્તિથી જોતાં તેઓ શરમાતા નથી, અને અભણ માતાઓની આજ્ઞા પ્રમાણે વર્તે છે.

પણ જો સ્ત્રીઓ કેળવણી લેશે નહિ, અને પોતાની ઉગતી પ્રજાના શા શા વિચારો છે તે બરાબર સમજી તેની સાથે દિલસોજી નહિ રાખે, તો એવો ભય લાગે છે કે માતા અને પુત્ર વચ્ચેનો આવો ઉચ્ચ સંબંધ વધારે વાર ટકી શકશે નહિ. અમે [illegible] છીએ કે આ ભય ખોટો પડે, પણ તેવો ભય ઉત્પન્ન થવાનાં [illegible]

ગોને નિર્મૂળ કરવા એજ ડાહ્યા માણુસોનું કર્તવ્ય છે. તેનો રસ્તો એજ છે કે બાળાઓને કેળવણી આપો, અને તેથી તેઓ પોતાના પુત્રની સ્થિતિ બરાબર સમજી શકશે. એ બાબત કેટલાકને એક નજીવી અથવા હવામાં કિલ્લા બાંધવા જેવી લાગે, પણ જેઓએ આ બાબતનો લક્ષપૂર્વક અભ્યાસ કર્યો છે, તેઓએ ઉપર જણાવેલો અભિપ્રાય દર્શાવ્યો છે. જેઓને એ બાબતની ખાતરી ન થતી હોય, તેમને અમે એકજ પ્રશ્ન પૂછીએ છીએ. જેટલો પૂજ્યભાવ તમે તમારી માતા તરફ દાખવો છો, તેટલો શું તમારા છોકરા તેમની માતા તરફ બતાવે છે ? તમારે કબુલ કરવું પડશે કે તેઓ બતાવતા નથી. માટે આવો માતા અને પુત્ર વચ્ચેનો ઉચ્ચ સંબંધ જે આર્ય પ્રજાનું એક ઉત્તમ લક્ષણ છે, તે સદાને માટે જળવાઈ રહે તે માટે પણ સ્ત્રીઓને કેળવવાની જરૂર છે.

કેળવણીની જરૂર સંબંધી આપણે કેટલીક બાબતનો વિચાર કર્યો, હવે સ્ત્રીઓને કેળવવાના સંબંધમાં જે આક્ષેપો લોકો તરફથી મુકવામાં આવે છે તેમાં કેટલી સત્યતા રહેલી છે, તેનો આપણે વિચાર કરીએ.

પ્રથમ આક્ષેપ એ મુકવામાં આવે છે કે, ભણેલી સ્ત્રીઓના આચાર દૂષિત હોય છે. તેઓનું વર્તન સારૂં હોતું નથી. તેના જવાબમાં જણાવવાનું કે ખરી કેળવણી પામી કોઈ ખોટે રસ્તે ગયું નથી અને જશે પણ નહિ. પ્રોફેસર મણિલાલ નભુભાઈ જણાવે છે કે "**સરસ્વતી દેવીનો પ્રસાદ પામી** કોણ કુપાત્ર થયું છે ? ભણેલ સ્ત્રીઓમાં જો કાંઇ દુરાચાર કોઈ વાર જણાયો હોય, તો તેમને ઓછું ભણાવી તેમની અક્કલ કાચી રહેવા દીધાને લીધેજ, એમ અમે તો નક્કી માનીએ છીએ." કવિ શેકસપીઅર જણાવે છે કે;—

Little Knowledge is a dangerous thing.

થોડું જ્ઞાન એ ભયંકર વસ્તુ છે.

માટે તેમને અપૂર્ણ અને એકદેશીય કેળવણી આપવાને બદલે સંપૂર્ણ અને સર્વાંગ કેળવણી આપો. બીજા શબ્દોમાં કહીએ તો તેમની બુદ્ધિ ખીલે તેવી કેળવણીની સાથે સાથે તેમના હૃદયમાં ઉચ્ચ ગુણો જાગૃત થાય, અને ધાર્મિક ભાવના તાજી રહે તેવી કેળવણીની જરૂર છે. જો કાંઈ પણ દોષ ભણેલી સ્ત્રીઓમાં જણાતો હોય તો તે આવી અપૂર્ણ કેળવણીનો છે; માટે જે અંગમાં ન્યૂનતા હોય તે પૂરી પાડવી. પણ કેળવણીને નિંદવાથી ઇચ્છિત લાભ મેળવી શકાશે નહિ. અમે આ સાથે એમ પણ પુછવાને હીમત ધરીએ છીએ કે શું અભણ સ્ત્રીઓમાં દુરાચાર માલૂમ પડતો નથી ? જો પડે છે તો પછી કેળવણીને માથે શા સારૂ દોષ મૂકો છો ? કેળવણી તમને અ-પવિત્ર બનવાનું શિખવતી નથી. વાંક માત્ર પાત્રનો છે. સર્પને દુધ ઝેરરૂપે પરિણમે છે, તેથી આપણે દુધને ઝેરી ગણતા નથી, તેમ કદાચ કોઈ સ્ત્રીને જ્ઞાન વિષરૂપે પરિણમે તો તેમાં વાંક પાત્રનો છે, તે ઉપરથી સ્ત્રીઓને કેવળણી નહિજ આપવી, એવો મત બાંધવો એ કેવળ ભુલભરેલું છે.

હવે ત્યારે સ્ત્રીઓને કેવા પ્રકારની કેળવણી આપવી એ સવાલ આપણી આગળ ખડો થાય છે. અમદાવાદ ખાતે બીજી જૈન મહિલા પરિષદ ભરાઈ ત્યારે પ્રથમ ઠરાવ એ પ્રસાર થયો હતો કે સ્ત્રીઓને શારીરિક, માનસિક, નૈતિક અને ધાર્મિક કેળવણી મળે એવા પ્રકારની સંસ્થાઓ સ્થાપવાની આ પરિષદ્ જરૂર વિચારે છે. કઈ લાઇન ઉપર કેળવણી આપવી એ આપણને આ ઉપરથી જણાય છે, પણ આ સંબંધમાં પંજાબના લેફ્ટેનન્ટ ગવર્નરની બાનુ લેડી મેકવર્થ યંગે જાલંધરમાં ૧૯૦૨ ની સાલમાં સ્ત્રી કેળવણી સંબંધી જે વિચારો દર્શાવ્યા છે, તે બહુજ ઉપયોગી લાગવાથી તેનું ભાષાંતર અત્રે આપવામાં આવે છે.

"સામાન્ય રીતે દરેક સ્ત્રી જેને ઘર સંસાર ચલાવવાનો છે તેને વાસ્તે કેળવણી ઘણી જરૂરની છે. દરેક સ્ત્રીએ ઓછામાં ઓછું એટલું તો જાણવું જોઇએ કે જેથી કરી તે પોતાની માતૃ ભાષામાં લખેલાં પુસ્તકો સહેલાઇથી વાંચીને સમજી શકે, તેમજ તે ભાષાદ્વારા પોતાના વિચારો દર્શાવી શકે. આ સાથે ગણિત વિદ્યાનું જ્ઞાન અને તંદુરસ્તીના નિયમો સંબંધીનું જ્ઞાન પણ સ્ત્રીઓ સારૂ ઘણું જરૂરનું છે. જો તંદુરસ્તી અને આરોગ્ય વિદ્યાના નિયમોથી સ્ત્રીઓ અજાણ રહે, તો પછી પોતાના ઘરને કેવી રીતે સુસ્થિત અને સગવડતાવાળું રાખે? તેમજ પોતાનાં છોકરાંઓને કેવી રીતે ઉછેરી શકે?

"સ્વચ્છતા અને શુદ્ધ હવાના નિયમો જાણવા ઉપરાંત તેઓએ માંદાને સારૂ જોઇતા ખોરાક બનાવવાનું અને ખોરાકના ગુણ દોષનું જ્ઞાન મેળવવું જોઇએ. કેવળ પુસ્તકોથી નહિ પણ આ બાબતનું વ્યવહારિક જ્ઞાન તેઓને આપવું જોઇએ; તમે સઘળી બાબતો શીખો. તેમાં મુખ્ય એક બાબત ઉપર હું તમારૂં ધ્યાન ખેંચવા માગું છું. અને તે બાબત **ધર્મના** જ્ઞાન સંબંધી છે. જે સ્ત્રીમાં ધર્મભાવના નથી તે સ્ત્રીના નામને લાયકજ નથી, અને ધર્મ અને એકલો ધર્મજ તેને નમ્ર પુત્રી, પવિત્ર ભાર્યા અને ધીરજવાળી અને પ્રેમાળ માતા બનાવશે."

આ શબ્દો એવા છે કે વિવેચન કર્યા સિવાય પણ સમજાય તેમ છે. પણ જેમને સારૂ આ લેખ ખાસ કરીને લખવામાં આવ્યો છે, તે સ્ત્રી વર્ગ આ વિષયના જ્ઞાનનો ખાસ લાભ લે, તે હેતુથી તેનું સવિસ્તર વર્ણન કરવાને અત્રે પ્રયત્ન કરવામાં આવે છે.

માનસિક કેળવણી—પ્રથમ તો તેમને સ્વભાષાનું જ્ઞાન મળવુ જોઇએ કે જેથી કરીને માતૃભાષામાં લખેલાં પુસ્તકો તેઓ સહેલાઇથિ વાંચી અને સમજી શકે. બીજી ભાષા શિખવી કે નહિ તેનો નિર્ણય

તે બાલિકાની શક્તિ અને સંજોગો ઉપર રહેલો છે, પણ સ્વભાષાનું જ્ઞાન તો આપવું એ દરેક માતપિતાનું પવિત્ર કર્તવ્ય છે. જે માતપિતા પોતાની બાળાઓને વિદ્યાના લાભથી બેનસીબ રાખે છે, તેઓ આ પવિત્ર ફરજને સમજતા નથી. ખરૂં કહીએ તો એ પવિત્ર ફરજનો અનાદર કરે છે. માતૃભાષાના જ્ઞાનથી પણ ઘણાં અમૂલ્ય પુસ્તકો તેઓ વાંચી શકવા સમર્થ થશે, કારણ કે ઘણા અંગ્રેજી, મરાઠી, બંગાલી, અને સંસ્કૃત ગ્રન્થોનાં ભાષાન્તરો પણ ગુજરાતી ભાષામાં થયાં છે. અને જેમ કાળ પસાર થાય છે, તેમ વધારે ગ્રન્થો ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થતા જાય છે.

સંસ્કૃતના જ્ઞાનની જરૂર—મારો અંગત અભિપ્રાય એવો છે કે આ સાથે તેમને સંસ્કૃત ભાષાનું પણ જ્ઞાન આપવું જોઇએ. કારણ કે તે એક દૈવી ભાષા છે, એટલુંજ નહિ પણ આપણા ધર્મનાં ઘણુંખરાં પુસ્તકો તેજ ભાષામાં રચાયેલાં છે, અને તેથી કરીને સંસ્કૃતના જ્ઞાનથી તેઓનું ધર્મ સંબંધી જ્ઞાન ઉંડું થશે, એટલુંજ નહિ પણ તે ગીર્વાણ વાણીમાં લખાયેલાં આર્ય સ્ત્રીઓનાં ચરિત્રો વાંચી શકશે, અને તેથી તેમનાં ચારિત્ર વર્તન ઉપર ઉચ્ચ પ્રકારની અસર થશે. સતી સ્ત્રીઓનાં ચરિત્રો તેમનામાં તેવા ગુણો ખીલવશે, અને તેથી હાલમાં લગભગ નષ્ટ થયેલા અનેક સદ્‌ગુણો સ્ત્રીઓમાં જોવામાં આવશે.

આ સંબંધમાં એમ કહેવામાં આવે છે કે સંસ્કૃતભાષા અતિ કઠીણ છે. કબુલ કરીએ છીએ કે તેનાં રૂપાખ્યાનો, અને અપવાદોને લીધેજ તે ભાષા કઠીણ લાગે છે, પણ સ્ત્રીઓને તો વ્યાકરણ સંબંધી થોડું જ્ઞાન આપી, તેમને સાહિત્ય વાંચતા શિખવવું જોઇએ. આથી જરા પ્રથમ હરકત પડશે; પણ વાંચવાના મહાવરાથી તેમજ બીજાની સહાયથી આ રીતે ઝટ શિખી શકશે, અને શરૂઆતમાં વ્યાકરણને લીધે થતી વિષયની નીરસતા નાશ પામશે.

ગણિતવિદ્યા—બીજી બાબત જે સ્ત્રીઓએ ખાસ જાણવાની છે તે **ગણિતવિદ્યા** છે. એક પાશ્ચાત્ય વિદ્વાન જણાવે છે કે ગણિત-વિદ્યા એ સર્વ વિદ્યાની રાણી સમાન છે. યોગમાર્ગને વાસ્તે જરૂરની એકાગ્રતાનો પાયો ગણિતવિદ્યા છે. આ વિષયનો અભ્યાસ માણુસમાં એકાગ્રતા, ખંતીલાપણું, ધીરજ, દૃઢતા વગેરે અનેક સદ્‌ગુણોને ઉત્પન્ન કરે છે. પણ આવા ઉચ્ચ આશયને એકવાર ધ્યાનમાં ન લેઇએ તોપણ સ્ત્રીઓને સામાન્ય ગણિતવિદ્યાના જ્ઞાનની જરૂર છે. કારણ કે જે પૈસા તેમના પતિ પેદા કરે, તેનો સદ્‌વ્યય તેઓ તેથી કરી શકવા સમર્થ થશે, અને સામાન્ય બાબતોમાં બીજાથી છેતરાશે નહિ. તેમજ બીજાના ઉપર સામાન્ય ગણત્રી વાસ્તે આધાર રાખવો પડશે નહિ. વળી તેમનો પતિ ઉડાઉપણે પૈસા ખર્ચતો હશે, અથવા આવક કરતાં વધારે ખર્ચ કરતો હશે તો ગણિતના જ્ઞાનથી તે બાબત સમજીને તેને તેમ કરતો અટકાવશે.

આરોગ્યવિદ્યા અને નરસીંગ—વળી સ્ત્રીઓએ **આરોગ્ય-વિદ્યા** સંબંધી જ્ઞાન મેળવવાની ખાસ જરૂર છે. કારણ કે તેથી તેઓ ઘરને સ્વચ્છ અને શુદ્ધ રાખશે અને આસપાસથી આવતી અશુદ્ધતાને કેમ અટકાવવી તે સારૂ પ્રયત્ન કરશે. વિશેષમાં આરોગ્યવિદ્યાનું જ્ઞાન તેઓને બાળક ઉછેરવાના કામમાં, તેમના પોતાના શરીરની સંભાળ રાખવામાં, બહુજ ઉપયોગી થઇ પડશે, એ કહ્યા સિવાય સમજાય તેમ છે. આપણામાં બાલ્યાવસ્થામાં ઘણાં બાળકો આ દુનિયાનો ત્યાગ કરી જાય છે, તેનું ખરૂં કારણ તપાસીએ, તો આપણને જણાયા વગર રહેશે નહિ કે તે કારણ આપણી સ્ત્રીઓનું આરોગ્યવિદ્યા, અને વૈદક-વિદ્યા સંબંધીનું તદ્દન અજ્ઞાનજ છે. આ વિદ્યાના મૂળતત્ત્વોનું પણ જ્ઞાન તેઓને હોતું નથી.

ઘણી વાર સ્ત્રીઓને માંદાની માવજત કરવાનું હોય છે, અને

માંદાના શરીરને યોગ્ય ખાવાનું તૈયાર કરવાનું હોય છે, માટે તેઓએ માંદાની માવજત સંબંધી (nursing) અને રસોઇ તેમજ જુદા જુદા ખોરાકના ગુણદોષ સંબંધી જ્ઞાન મેળવવું જોઇએ. આ બાબતનાં કેટલાંક પુસ્તક હાલમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી બ્હાર પડયાં છે, પણ હજુ વધુ પ્રમાણમાં બ્હાર પડવાની ખાસ જરૂર છે.

શારીરિક કેળવણી—આપણી સ્ત્રીઓના શારીરિક બાંધા તરફ જ્યારે આપણે દૃષ્ટિ કરીએ છીએ, ત્યારે આપણને ખેદ અને દયા ઉપજ્યા વગર રહેતી નથી. જે વીરપુત્રોની જનેતાઓ હતી, તેમના વંશમાં આવી નબળા બાંધાની અને સત્ત્વવિનાની સ્ત્રીઓ જન્મવા પામી એ જોઇને કોને શોક નહિ થાય! અથવા એવી સ્થિતિ જોઇને કયા આર્ય હૃદયમાં દયા નહિ ઉપજે! જ્યાં સુધી સ્ત્રીઓના શરીરનો બાંધો નબળો હોય, ત્યાં સુધી જે પુત્રોને તેઓ જન્મ આપે તે કેવી રીતે સબળ થઇ શકે? અને આ પ્રમાણે વંશપરંપરાએ શરીરો નબળાં ને નબળાં થતાં જાય, અને તેથી તેવા બાંધાવાળી પ્રજાનો નાશ થાય. આવાં ખેદકારક પરિણામના ભયનો વિચાર સ્ત્રીજાતિની સ્થિતિ સુધારવાને શું તમને લલચાવતો નથી? બાળાઓને બાળપણથી શારીરિક કેળવણી આપો, તેમનાં શરીરોને કેળવો કે જેથી તંદુરસ્ત અને નિરોગી રહે, તેમનાં મુખ ઉપર તેજ રહે, અને જેથી તેઓની સંતતિ પણ સબળ અને નિરોગી નિપજે.

બાળ લગ્નનો અટકાવ—આ સંબંધમાં એક બીજી સૂચના ને કરવાની છે કે જેમ બને તેમ કન્યાઓને નાની વયમાં પરણાવવાનું બંધ કરો. આથી તેઓ મોટી ઉમર સુધી બરાબર ભણી શકશે, તેઓનાં શરીર પણ મજબુત થશે, અને પરિણામ એ આવશે કે તેમનાં સંતાનો પણ બુદ્ધિશાળી અને નિરોગી જન્મશે. આપણામાં સુવાવડને સ્ત્રીઓ ભયની નજરથી નિરંતર જુએ છે. જે આનંદનો

પ્રસંગ હોવો જોઇએ, તેમાં ભય રાખવાનું શું કારણ ? " જ્યારે સુવાવડમાંથી ગર્ભવતી સ્ત્રી જીવતી ઉઠી ત્યારે ખરી " " એક પગ ખાટલામાં અને એક પગ ચીતામાં " આવા આવા સુવાવડ સંબંધીના વિચારોનાં કારણો તપાસતાં જણાય છે કે આપણી જૈન સ્ત્રીઓ શરીરના બાંધામાં બહુ નિર્મળ છે, અને પુખ્ત ઉમર થતાં પહેલાં તેઓ ગર્ભધારણ કરે છે. ઘણીખરી કન્યાઓ પ્રથમ સુવાવડમાં નાશ પામે છે, તેનું કારણ પુખ્ત ઉમર થતાં પ્હેલાં તેઓ ગર્ભધારણ કરવાનું છે, માટે આવાં અનિષ્ટ પરિણામો અટકાવવાને કન્યાઓને શારીરિક શિક્ષણ આપો, અને તે સાથે પુખ્ત ઉમરે તેમનાં લગ્ન કરો.

જાણવા લાયક બીજા વિષયો—જ્યારે આપણી તેમજ બીજા દેશોની પ્રાચીન તેમજ અર્વાચીન સ્થિતિ સંબંધી આપણે જ્ઞાન મેળવીએ છીએ, ત્યારેજ આપણને કાર્ય કારણના નિયમનું અને કેવી રીતે આપણી ઉન્નતિ થઇ શકે તેનું જ્ઞાન થાય છે, અને તે વાસ્તે સ્ત્રીઓને ઇતિહાસના જ્ઞાનની પણ જરૂર છે. છોકરાઓ શિખે છે, એવા પણ વિષયો સ્ત્રીઓને શિખવવા જરૂરના છે એવો મારો અભિપ્રાય છે. કેટલાકો આ બાબતની વિરૂદ્ધ પડે છે, અને તેઓ દલીલ આપે છે કે કોલમ્બસે અમેરિકા ખંડ ક્યારે શોધી કાઢયો ? અથવા ઈંગ્લાંડના ચાર્લ્સ રાજાને ક્યારે ફાંસીએ લટકાવવામાં આવ્યો હતો ? અથવા લીપઝીક શહેર જર્મનીના કયા ભાગમાં આવેલું છે ? આવી બાબતો સ્ત્રીઓને જાણવાની શી જરૂર છે ? આના પ્રત્યુત્તર રૂપે અમે જણાવીશું કે આવી બાબતો જાણવાથી પુરૂષને પણ શો લાભ છે ? કારણ કે તે દરરોજના તેના વ્યવહારમાં ઉપયોગી થઇ પડતું નથી. કદાચ ગણિતના કેટલાક સામાન્ય નિયમો તેના વ્યવહારમાં ઉપયોગમાં આવતા હશે, પણ સામાન્ય રીતે બીજી ઘણી બાબતો

તેને દરરોજ ઉપયોગી થઇ પડતી નથી તો પછી તેનો અભ્યાસ કરવાથી પુરૂષને શું ફાયદો ?

માનસિક શક્તિની કેળવણી અને વાંચન શોખ—આમ કહેવું તે ભુલભરેલું છે. કારણ કે નિશાળમાં શિખેલી ઘણી બાબતો આપણે ભુલી જઇએ છીએ પણ જે માનસિક શક્તિઓ જુદા જુદા વિષયોના અભ્યાસથી ખીલેલી છે, તે આપની સાથે રહે છે, અને તે શક્તિઓજ આપણને ઘણી ઉપયોગી થાય છે. આ રીતે આ પ્રશ્ન જો આપણે વિચારીએ તો સ્ત્રીઓને પણ કેળવાયલી માનસિક શક્તિની જરૂર છે એમ આપણે કબુલ કરવુંજ પડશે. માટે તેમને પણ જુદા જુદા વિષયોનું જ્ઞાન આપવું.

આ સાથે એક બાબત યાદ રાખવાની છે કે આપણા સામાજિક બંધારણની હાલની સ્થિતિ તપાસતાં એમ જણાય છે કે ઘણીખરી કન્યાઓ તેર વર્ષની વયે પરણે છે, અને ઘણીજ થોડી ૧૫ કે ૧૬ વર્ષની વયે પરણતી હશે. આ સંજોગો ધ્યાનમાં લેઇને એવા અનુમાનપર આવવાની જરૂર પડે છે કે જે બાબત મનુષ્યોને ઉપયોગી અને જરૂરીયાતની હોય તે સઘળી બાબતો સ્ત્રીઓને શિખવી ન શકાય, કારણ કે તેમને ભણવાનો સમય પુરૂષોની અપેક્ષાએ ઘણો અલ્પ છે. વળી સ્ત્રીઓને જાણુવા યોગ્ય ઘણા વિષયોમાંથી આ ભણવાંના સમયમાં બહુજ ઉપયોગી વિષયો શિખવવા જોઇએ, અને જે સમયમાં તેઓ શિખે તે સમયમાં તેઓને એવા પ્રકારની કેળવણી આપવી કે યારે તેઓ અભ્યાસ છોડી દે, ત્યારે પણ તેઓનામાં તે તે વિષયો મવાની ઇચ્છા વધારે ને વધારે જાગૃત થયેલી હોય. તેઓનામાં વાનો શોખ અને અભ્યાસ કરવાની રૂચિ જાગૃત કરવાની ખાસ ર છે. કારણ કે ઘણી કન્યાઓ જ્યારે પરણે છે, ત્યારે તરતજ ભ્યાસ મૂકી દે છે અને અભણ સ્ત્રીઓમાં અને તેઓમાં ...

કાંઇ પણ ફેર ન હોય, તેમ વર્તે છે. પણ ઉપર કહ્યા પ્રમાણે જો તેમનામાં વાંચવાનો શોખ જાગૃત કરવામાં આવ્યો હોય, જો તેમનામાં જ્ઞાન પ્રાપ્તિની રૂચિ પેદા કરવામાં આવી હોય, તો ઘર સંસારની પોતાની ફરજો બજાવ્યા પછી, તેઓ અવકાશનો સમય પારકાની નિંદા કે બદબોઈ કરવાને બદલે સારાં નીતિનાં પુસ્તકો વાંચવામાં પસાર કરશે. આથી તેઓનું જ્ઞાન વધશે, અને તેઓનું વર્તન પણ ઉચ્ચ પ્રકારનું થશે, અને નિંદાનો સ્ત્રી જાતિમાં માલુમ પડતો સામાન્ય અવગુણ તેઓનામાં પ્રવેશ કરી શકશે નહિ.

અવકાશનો સમય—નવરાશનો બધો સમય વાંચનમાં ગાળી શકાય નહિ, કારણ કે એકની એક બાબત ઉપરજ ચિત્ત ઘણા વખત સુધી સ્થિર ચોટી શકે નહિ, અને પુસ્તકો આનંદ આપે પણ તેની સાથે આનંદ આપનારાં બીજાં સાધનો પણ મેળવવાં જોઇએ. આવાં આવાં સાધનોમાં ગાયનવિદ્યા, ચિત્રકળા, ભરવા ગુંથવાનાં કામ વગેરેનો સમાવેશ થાય છે. સ્ત્રીઓમાં રાગની મીઠાશ સ્વાભાવિક રીતેજ હોય છે. તેમનો સ્વરજ કોમળ અને મધુર હોય છે, તેથી જો તેમને બાળપણમાંથી સારી રીતે ગાનાં શીખવવામાં આવે તો તેઓ સારાં ગાયનો ગાઈ પોતાના તેમજ પતિના મનને રંજન કરી શકે, અને તેથી કેટલાક યુવાનો જે ગાયનના શોખને લીધે હલકાં મનુષ્યોની સોબતમાં આવે છે, તેઓ કુસંગથી દૂર રહી શકે. ચિત્રકળાનો હુન્નર અસલમાં ઘણી સ્ત્રીઓ જાણતી હતી, પણ હાલમાં ઘણે ભાગે તેનો વિલોપ થયો છે, તે હુન્નર-કળા પણ આંખને અને તે દ્વારા મનને સંતોષ આ છે. અને નવરાશનો સમય તેવી વિદ્યાના અભ્યાસમાં પસાર થ તો તેઓના મનને અલૌકિક આનંદ થાય, અને આ પ્રમાણે સ માન્ય મનુષ્યજાતિની નીરસ જીંદગીમાં નવો જીવનરસ રેડાય ર ે થાય.

ધાર્મિક કેળવણી—હવે સૌથી અગત્યનો વિષય જે સ્ત્રીઓએ જાણવો જોઇએ તે ધર્મનો છે. સ્ત્રીઓજ પૂર્વના સમયથી ધર્મરક્ષક તરીકે ગણવામાં આવી છે, તે વાસ્તવિકજ છે. તેઓનાં હૃદય સ્વાભાવિક રીતે આર્દ્ર અને પ્રેમાળ તેમજ ભોળાં પણ હોય છે. તેઓને ધર્મ પ્રત્યે બહુજ શ્રદ્ધા હોય છે, અને જો કે પુરૂષો જ્ઞાનમાર્ગને બહુધા જાળવી રાખે છે, પણ ધર્મક્રિયાની રક્ષકો તો સ્ત્રીઓજ છે. કબુલ કરીએ છીએ કે ધાર્મિક ક્રિયામાંથી જીવન ચૈતન્ય ઘણે ભાગે નાશ પામ્યું છે, અને તે ખાલી ખોખાં રૂપે રહી છે, છતાં પણ તેવાં ખોખાં જાળવી રાખવાતની તરફેણમાં અમે છીએ. કારણ કે તેવાં ખોખાં હયાત હશે તો કદાપિ કોઇ મહા પુરૂષ પાકશે ત્યારે તેમાં ચૈતન્ય જીવન આવશે, પણ ખોખાં–ક્રિયાઓજ નાશ પામી હશે તો પછી ચૈતન્ય ક્યાં થઇને વહેશે ? આ ઉપરથી એમ કહેવાનો ભાવાર્થ નથી કે જડ ક્રિયાઓનેજ સ્ત્રીઓએ વળગી રહેવું, અને જ્ઞાનમાર્ગનો અનાદર કરવો. એ તો ભુલ ભરેલું છે. પણ ખરી રીતે તો સ્ત્રીઓએ ધાર્મિક ક્રિયાઓ કરતાંજ રહેવું, અને તે સાથે તે ક્રિયાઓનો ઉદ્દેશ–હેતુ બરાબર સમજવા પ્રયત્ન કરવો, કે જેથી કરીને તે ક્રિયાઓને જીવન મળે, અને જ્ઞાનપૂર્વક તે તે ક્રિયાઓ થઇ શકે.

નીતિની કેળવણી—હાલની કેળવણી ઉપર એક સખત આક્ષેપ એ મુકવામાં આવે છે કે કેળવાએલાઓ તેમની રીતભાતમાં ઉદ્ધત અવિનયી જોવામાં આવે છે, અને તેઓ પોતાના ધર્મ તરફ પૂજ્યભાવ વગરના, અને નીતિના નિયમની દરકાર નહિ કરનારા દેખાય છે. આ આક્ષેપમાં કેટલેક અંશે સત્ય છે એમ કહ્યા વિના ચાલે તેમ નથી; માટે વિદ્યાના સુપુષ્પોની સાથે ઉગતા આ નકામા છોડવાઓનો નાશ કરવો તે જરૂરનું છે. કેળવણી પામેલાઓના હૃદયમાં ધર્મ અને નીતિભાવનાનાં તત્ત્વોનો પ્રવેશ થવો ઘટે છે. પોતાના

પતિ, વડીલો, સંતતિ અને સ્વજન તરફ તેમની શી શી ફરજો છે તેનો ખ્યાલ બાળાઓને નાનપણથી આપવો જોઇએ છે. અને તે સાથે તેમનામાં પરોણાની આગતાસ્વાગતા કરવાનો, અને દુઃખ વખતે ધૈર્ય રાખવાનો ગુણ ખાસ ખીલે તેવી કેળવણી મળવી જોઇએ છે.

છેવટ—ઉપર જણાવેલી કેળવણી જો આપણી જૈનબાળાઓને આપવામાં આવે તો ખચિત ઘણાજ થોડા સમયમાં જૈનોની ઉન્નતિનો સૂર્ય સંપૂર્ણ કળાએ પ્રકાશશે. આ સંબંધમાં આપણી કોમના વિદ્વાન્ ગૃહસ્થોએ ઉમંગથી ભાગ લેવો ઘટે છે. પોતાની બેનોને તથા પુત્રીઓને જૈન કન્યાશાળા અથવા જૈન કન્યાશાળા ન હોય તો બીજી કોઈ કન્યાશાળામાં અભ્યાસ અર્થે મોકલવી. અને પોતાની પત્નીએ જો કેળવણી લીધી હોય તો જ્યાંથી તેની કેળવણી બાકી હોય, ત્યાંથી આગળ શરૂ કરી તેને સારી વિદુષી બનાવવા પ્રયત્ન કરવો. પણ જો તે તદ્દન અભણ હોય તોપણ થોડું ઘણું જ્ઞાન આપવા ચુકવું નહિ. કારણ કે ભણેલ માતાના સંસ્કારો બાળકોને બુદ્ધિશાળી અને નીતિમાન બનાવશે, એમાં સંદેહ નથી. તેવી માતાઓ પોતાની પુત્રીઓને ભણાવશે. અને આ પ્રમાણે ધીમે ધીમે કેળવણીની વૃદ્ધિ થતાં છેવટે એવો સમય આવશે કે જ્યારે એવી એક પણ જૈનબાળા નહિ માલુમ પડે, કે જેણે કેળવણી લીધી ન હોય. એવા શુભ દિવસની રાહ જોવી એ કોમના દરેક હિતચિંતકનું કામ છે, અને તે દિવસ જેમ નજદીક આવે તેને સારૂ પ્રયાસ કરવાને મારા કેળવાયેલા બંધુઓને હું આગ્રહ કરૂં છું અને તે સાથે ઉપર જણાવેલી કેળવણી આપણા સ્ત્રી વર્ગમાં ફેલાય તેવી સંસ્થાઓ સારા પાયાપર સ્થાપવાને આપણી કોમના શ્રીમંતોને સૂચવું છું. કારણ કે **એક સારી માતા તે સો કેળવાયેલા શિક્ષકોનું કામ સારે છે.** ચેતો! ભાઇઓ ચેતો! અને સુવિદ્યાનો આપણી જૈન બાળાઓમાં ફેલાવો કરવા કમર કસો.

સદ્વર્તન.

પ્રથમ સદ્વર્તન શું તે આપણે વિચારવું જોઇએ. સત્ એટલે સારો, અને વર્તન એટલે આચાર, એટલે સારો આચાર તે સદ્વર્તન. કયા કયા ગુણોનો સદ્વર્તનમાં સમાવેશ થાય છે, તેનો વિચાર કરીએ તે પહેલાં સદ્વર્તન કોને કહેવું તેનો પૂરેપૂરો ખ્યાલ આવવાની જરૂર છે. જે આચારવિચારની લોકો પ્રશંસા કરે, જે જનસમાજમાં નિંદાપાત્ર ન હોય, જે પોતાને તેમજ પારકાને હિતકારક હોય તેવા આચાર વિચારને સદ્વર્તન કહેવામાં આવે છે. ધન કરતાં પણ સદ્વર્તન ઉંચા પ્રકારનું છે. કેવળ ધન કરતાં નહિ પણ વિદ્યા કરતાં પણ સદ્વર્તન ઉત્તમ છે, કારણ કે મનુષ્ય વિદ્વાન હોય તે છતાં તેમાં કોઇ પણ પ્રકારનું કુલક્ષણ હોય તો તેનો મનુષ્ય વિદ્યાના પવિત્ર નામને કલંકિત કરે છે અને પોતાના ભણતરને એબ લગાડે છે. નીતિ વગરની વિદ્યા કદાપિ શોભતી નથી, હમેશાં ગુણજ પૂજવા લાયક છે. **गुणा पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः ॥** મનુષ્ય કે સ્ત્રી વૃદ્ધ કે બાળક ગમે તે હોય પણ ગુણજ પૂજ્ય છે. સુશીલ સ્ત્રીઓ સસરાના તેમજ પિયરના બન્ને પક્ષને પોતાના સારા ગુણોથી ઉજ્જવળ બનાવે છે. પણ જો સ્ત્રી વર્ગમાં એકાદ પણ અવગુણ હોય તો તે અવગુણને લીધે તે બન્ને પક્ષને કલંક લગાડે છે, માટે સારો આચાર તેજ સ્ત્રીઓનો પરમ શણગાર છે, એજ ઉત્તમ આભૂષણ છે.

સ્ત્રીઓએ જે સદ્ગુણો ખીલવવાની જરૂર છે, જે સદ્ગુણોદ્વારા સ્ત્રીઓ ગૃહસંસાર સારી રીતે ચલાવી, બન્ને પક્ષને પ્રકાશિત કરી, સુશીલભાર્યાના નામને યોગ્ય થાય તેવા કયા સદ્ગુણો છે તેનો હવે વિચાર કરીએ.

શીયળ-શીલ—એ સ્ત્રીઓનું પરમ ભૂષણ છે, જેમ નાક વગરનું મોં અપ્રિય લાગે છે, તેમ શીલ વગરની સ્ત્રી સર્વત્ર અપ્રિય થઈ પડે છે. જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં નિંદાપાત્ર બને છે, અને તેવી સ્ત્રી જો ભણેલી હોય તો પોતાના ભણતર ઉપર ધૂળ ફેરવે છે. આ તો એક સાધારણ નિયમ છે કે દરેક કાર્ય કરતાં પહેલાં તે સંબંધી વિચાર ઉત્પન્ન થાય છે. જ્યારે તે પ્રબળ થાય છે ત્યારે તે તેમને દાબી શકતો નથી અને તે પ્રમાણે વર્તવાને દોરાય છે, માટે શીયળને શુદ્ધ સાચવવાને સ્ત્રીઓએ પતિ શિવાયના અન્ય મનુષ્યની સ્વપ્ને પણ અભિલાષા ન રાખવી. પોતાના કર્મ પ્રમાણે પિતાએ આપેલો વર દેવ સમાન માનવો. શુદ્ધ વિચાર તે શુદ્ધ આચારોને ઉત્પન્ન કરનાર છે, માટે નિરંતર મનમાં સારા વિચારજ રાખવા અને ખરાબ વિચારો મનમાં જરા પણ આવવા દેવા નહિ. શીળ સાચવવાને ખરાબ સ્ત્રીઓની સોબત કરવી નહિ. કારણ કે દુર્ગુણ તે ચેપી રોગના જેવો છે, અને તેનો ચેપ બીજાને લાગતાં વાર લાગતી નથી, માટે દુષ્ટ સ્ત્રીઓની સોબતનો સર્વથા ત્યાગ કરવો એ ઉચિત છે, અને જેમાં નીતિનાં બોધદાયક દૃષ્ટાંતો લખેલાં હોય તેવાં ઉત્તમ પ્રકારનાં પુસ્તકો વાંચવાનો પ્રસંગ રાખવો. આથી કરીને નવરાશની વેળામાં મન બીજે ભટકતું અટકશે અને નીતિની છાપ મગજપર પડી શુદ્ધાચારનું કારણ થશે.

ધર્મબિન્દુ ગ્રન્થ ઉપર ટીકા લખનાર મુનિ શ્રી મુનિચંદ્રસૂરિ સ્ત્રીઓ અશુદ્ધ માર્ગ તરફ ન દોરવાય તે માટે નીચે પ્રમાણે ઉપાય દર્શાવે છે.

(૧) ગૃહસંબંધી કામકાજ સોંપવું. તેમ કરવાથી તેનું મન તે કાર્ય કરવામાં રોકાશે. એટલે તેને નિવૃત્તિ અથવા અવકાશનો સમય બહુ મળશે નહિ. તથા ઘરનો કારભાર તેને સોંપવાથી આ

કામ મારે કરવાનું છે, એવી બુદ્ધિથી તે સારી રીતે કરશે. અવકાશનો સમય ઓછો હોવાથી કુથલી અથવા પરનિન્દા કરવાનો અને હલકી સ્ત્રીઓની સોબતમાં ફરવાનો પ્રસંગ ઓછો આવશે.

(૨) કેટલુંક ધન તેને આપી મૂકવું. નજીવું ખરચ કરવા કાંઈ પૈસા જોઇતા હોય તો તેમાંથી તે ખરચી શકે અને પૈસાના લોભથી અન્યાય માર્ગે જતાં અટકે.

(૩) વૃદ્ધ અને માતાતુલ્ય સ્ત્રીઓની સોબતમાં રાખવી. વૃદ્ધ અને સુશીલ સ્ત્રીઓનો સંગ થવાથી તેમના શુદ્ધ આચારવિચારનું અનુકરણ કરતાં તેમજ પોતાની હલકી વૃત્તિઓ કબજામાં રાખતાં તે શિખશે અને તેથી સદ્‌ગુણો મેળવશે. જે ઘરમાં વૃદ્ધ સાસુઓ હોય છે, તે ઘરમાં ભાગ્યેજ અનિષ્ટ આચાર સાંભળવામાં આવે છે. માટે સુશીલ અને ગુણવાળી વૃદ્ધ સ્ત્રીઓની સોબતમાં યુવાન કુળવધૂઓને રાખવી. સત્સંગનો પ્રભાવ અલૌકિક છે.

પોતાનું શીળ સાચવવાને સતીઓએ કેવાં કેવાં સંકટો અનુભવ્યાં છે, મરણપર્યંત દુઃખ સહ્યાં છે, તેમજ અણીના પ્રસંગે તેમને કેવી રીતે અણધારી મદદ મળી હતી, અને તેમના નામને ઇતિહાસોના પાનામાં સુવર્ણ અક્ષરે કોતરવા લાયક બનાવ્યાં છે તે સર્વેનો વિચાર કરીએ છીએ ત્યારે શીળનું માહાત્મ્ય કેટલું બધું છે તેનો આપણને કાંઈક ખ્યાલ આવી શકે છે. શીલના પ્રભાવથીજ સીતાનું કલંક દૂર થયું હતું. ચારણીવડે કુવામાંથી સુભદ્રા સતીએ જળ કાઢયું હતું, સુદર્શન શેઠ શૂળી ઉપર ચઢયા ત્યારે તેને બદલે સિંહાસન થયું હતું, અને દ્રૌપદીને કૌરવોની સભામાં ૧૦૮ વાર ચીર મળ્યાં હતાં.

શીયળનો પ્રભાવ કેટલો બધો છે તેનો પુરેપુરો ખ્યાલ આ

વાને સતી સ્ત્રીઓનાં ચરિત્ર વાંચવાની જરૂર છે પણ તેનો કાંઈક ખ્યાલ ભર્તૃહરીએ પોતાના નીતિશતકમાં આપ્યો છે.

वह्निस्तस्य जलायते जलनिधिः कुल्यायते तत्क्षणा
न्मेरुः स्वल्पशीलायते मृगपतिः सद्यः कुरंगायते ।
व्यालो माल्यगुणायते विषरसः पीयूषवर्षायते ।
यस्यांगेऽखिललोकवल्लभतमं शीलं समुन्मीलति ॥

જેના શરીરમાં આખી દુનિયાને વ્હાલું શીળ વ્યાપી રહેલું છે તેની આગળ અગ્નિ પાણી સમાન થઈ જાય છે, સમુદ્ર ખાબોચીયા જેવો થાય છે, મેરૂ પર્વત એક નાના પથરારૂપ થાય છે, સિંહ તરતજ હરણિરૂપ થાય છે, સર્પ ફૂલની માળા બને છે, અને ઝેર અમૃત બને છે.

પતિસેવા—પતિસેવા એ સ્ત્રીનો મોટામાં મોટો ધર્મ છે. તે ધર્મમાં જે ચુકે છે તે સ્ત્રીઓ ખરેખર આ લોકમાં અપયશને પાત્ર થાય છે. પતિ એ દેવ સમાન છે. તો તેની સેવા કરવી, એટલે જે રીતે તેનું મન હર્ષ—આનંદમાં રહે તેવાં કાર્ય કરવાં, તેવી રીતે બોલવું ચાલવું તેજ પતિસેવા ધર્મ છે. આપણે ચારે તરફ નજર કરીશું તો આપણને આપણા અનુભવ પરથી જણાય છે કે ઘણીએક સ્ત્રીઓ યથાર્થ રીતે તે ધર્મ પાળતી નથી. તેઓ ઘરેણાં ગાંઠાંને વાસ્તે, લૂગડાંલત્તાં નિમિત્તે, પતિને સંતાપે છે. પતિની શક્તિ ઉપરાંતનું તે કાર્ય હોય તોપણ બીજા કોઇ પડોશી અથવા સગાંમાંના પૈસાદારની સ્ત્રીનાં ઘરેણાં જોઇ તેવાં પોતાને કરાવી આપવાને કહે છે, અને જો પતિ ના પાડે તો દરેક રીતે તેને દુઃખ દે છે, અને આ પ્રમાણે પતિના મનને હર્ષમાં રાખવાને બદલે શોકમય બનાવે છે.

સુભાગ્યે—આર્ય બાળાઓના સુભાગ્યે-વિદ્યાનો ફેલાવો વધતો

જાય છે. બાળકીઓ કેળવણી લેતી થઇ છે, અને તેથી આશા રખાય છે કે તેઓ અભણ સ્ત્રીઓની માફક પતિને પજવશે નહિ, પણ જેથી પતિ સુખી રહે તેવી રીતે વર્તશે, અને કરકસરથી વર્તી પતિની આવકના પ્રમાણમાં ગૃહ સંસાર સારી રીતે નિભાવશે.

જે સ્ત્રીઓ ખરો પતિવ્રતા ધર્મ પાળે છે, તેનામાં અપૂર્વ શક્તિઓ ખીલે છે, અને ગૃહસ્થાવાસમાં રહ્યા છતાં સ્વર્ગીય સુખ અનુભવે છે. આ બાબતનું સત્ય પુરવાર કરવાને આપણે એક ટુકું દૃષ્ટાંત વિચારીશું.

એક મનુષ્ય પોતાની ઇન્દ્રિયો કાબુમાં રાખવાને શક્તિમાન્ નહિ હોવાથી જંગલમાં નાસી ગયો અને ત્યાં તપ કરવા લાગ્યો. કેટલાંક વર્ષ સુધી તેણે તપ કર્યું, તેથી તેનામાં કેટલીક શક્તિઓ પેદા થઇ. એવામાં જે વૃક્ષ નીચે તે બેઠો હતો, તે વૃક્ષપર બેઠેલી એક ચકલીએ તેનાપર વિષ્ઠા કરી. આથી તે તપસ્વીનો મિજાજ ખસી ગયો, અને તે ચકલી તરફ ક્રોધની દૃષ્ટિથી તાકીને કેટલીક પળ સુધી જોયું, એટલે તે ચકલી એકદમ મરીને હેઠી પડી. આથી તે પોતાની શક્તિથી ફુલાયો, અને મારા જેવો બીજો કોઇ દુનિયામાં શક્તિમાન નથી એમ માનવા લાગ્યો. તે ગામમાં ભિક્ષા માગવા ગયો, ત્યાં એક ઘર આગળ ઉભા રહી બહારથી ભિક્ષાની યાચના કરી. તે ઘરમાંની સ્ત્રી તેના માંદા પતિની માવજત કરવામાં રોકાયેલી હોવાથી તે ભિક્ષાની માગણી સાંભળી છતાં પતિસેવામાંથી ઉઠી નહિ. જ્યારે તે પતિની બરદાસ કરી રહી ત્યારે બારણા આગળ ઉભેલા અને જરાકવાર થવાથી ચીડાઇ ગયેલા તપસ્વીને આટો આપવા ગઇ. તે વખતે તેણે આંખો કાઢી કહ્યું: "આટલી બધી વારથી અભ્યાગત ખોટી થાય છે તે શું તું જોતી નથી ?" તેણીએ શાન્તિથી જવાબ આપ્યો. "શેઠ લેઇ તમારે માર્ગે સિધાવો. આંખો કાઢવાનું કાંઇ પ્રયોજન નથી. બધે વૃક્ષપરની ચકલીઓ હોતી નથી કે તમારી આંખના તેજથી બળી જાય."

શબ્દોથી તે તપસ્વી વિચારમાં પડયો. અને જંગલમાં બનેલી વાત આ સ્ત્રીના જાણવામાં ક્યાંથી આવી તે તેનાથી સમજાયું નહિ. તેથી તે નમ્ર બની ગયો અને બોલ્યો "મૈયા ! માફ કરો, હું તમારો બાળક છું. આપને એ બાબતની કયાંથી ખબર પડી ?" જયારે તપસ્વીએ ઘણા કાલાવાલા કર્યા ત્યારે તે સ્ત્રીએ જણાવ્યું કે પતિ સેવાથી, પાતની અનન્ય ભાવે અને સાચી નિષ્ઠાથી ભક્તિ કરવાથી દૂર બનતા બનાવો જોવાની શક્તિ મારામાં પ્રાપ્ત થઇ છે. (જૈન શબ્દોમાં કહીએ તો તે સ્ત્રીને અવધિજ્ઞાન થયું હતું). આ ટુંકા દાખલા ઉપરથી સમજાશે કે જે સ્ત્રીઓ પતિની સેવા યથાર્થ રીતે કરે છે, અને પતિની અંદર રહેલા આત્માને પૂજે છે, તેઓ સર્વ વાતે સુખી થાય છે. સુખમાં તેમજ દુઃખમાં પતિસેવાનો ત્યાગ કરવો નહિ.

અસત્ય ત્યાગ—સ્ત્રીઓમાં સામાન્ય અવગુણ એક જોવામાં આવે છે અને તે જુઠું બોલવાની ટેવ છે. મીઠું મરચું ભભરાવી વાત કહેવી એ તો એક સામાન્ય ટેવ રૂપ થઇ ગયેલું છે. પણ તે ટેવ ઘણીજ હાનિકારક છે. કારણ કે જુઠું બોલવાથી ધારો કે તે સમયે થોડો ઘણો લાભ થાય પણ છેવટે જ્યારે સામા મનુષ્યને તે જુઠું જણાય છે ત્યારે આપણાપરથી વિશ્વાસ ઉઠી જાય છે, અને પછીથી આપણી ખરી વાત પણ કોઇ માનતું નથી. આ દુર્ગુણ સ્ત્રીઓમાં હોવાનું એક પ્રબળ કારણ છે, અને તે એ છે કે સ્ત્રીઓને બપોરનો સમય નવરાશનો મળે છે, અને તે સમય તેઓ વાતો કરવામાં, કુથલી કરવામાં, અથવા પારકાની નિંદા કરવામાં ગાળે છે. અને જ્યારે કોઈ નિંદા કરવા બેસે છે ત્યારે પોતે કેટલી હદે જાય છે, અથવા ખરૂં કેટલું અને ખોટું કેટલું તેનું ભાન ભૂલી જાય છે. અને તેજ પ્રમાણે પોતાની બેનપણીઓને આનંદ આપવાને તેમજ ની વચ્ચે પોતાની ચાલાકી બતાવવાને પોતે તે વાત અર્ધી સાચી

વાતની સાથે ઘણો ભાગ જુઠાનો મેળવે છે, અને આ પ્રમાણે જુઠું બોલવાની ટેવ પડે છે. માટે તે ટેવનો ત્યાગ કરવાને પારકાની નિંદા કરવાની ટેવ મૂકી દેવી જોઇએ અને જે ખરી વાત હોય તેજ કહેવી. વિદ્યાના ફેલાવા સાથે સ્ત્રીઓ પોતાનો સમય પરનિંદા કરવામાં નહિ ગાળતાં સારાં બોધવાળાં પુસ્તકો વાંચવામાં પસાર કરશે અને તેથી અનેક પ્રકારનો લાભ થશે.

લગ્ન પ્રસંગનાં ફટાણાં—લગ્ન પ્રસંગે-સ્વજનના લગ્નના માંગલિક પ્રસંગે-આપણામાંની ઘણીખરી સ્ત્રીઓ પતિ, સસરા, વડિલો, પિતા, ભાઇ એ સર્વેના દેખતાં ફટાણાં ગાય છે, મુખમાંથી અપશબ્દ કાઢે છે તે ખરેખર નિંદવા લાયક છે, તે પોતાના ઉચ્ચ કુળને એબ લગાડનારૂં છે. તેમાંથી જરા પણ લાભ નથી, અને અશુદ્ધ શબ્દો બોલી મુખને અપવિત્ર કરવા ઉપરાંત તેવા શબ્દોથી વિચારો પણ મલીન થાય છે. માટે તે ટેવ સર્વથા ત્યાગ લાયક છે.

હળીમળીને રહેવું—જ્યાં જોઇએ ત્યાં, જ્યાં આપણી દૃષ્ટિ ફેરવીએ ત્યાં આપણે ખેદ સહિત નિહાળીએ છીએ કે સાસુ અને વહુ વચ્ચે, દેરાણી અને જેઠાણી વચ્ચે, નણંદ અને ભોજાઈ વચ્ચે, જ્યાં બે સ્ત્રીઓ ભેગી થઈ ત્યાં કલહ અને કંકાસ માલુમ પડે છે. એવાં ઘર ભાગ્યેજ માલમ પડશે કે જ્યાં સલાહ સંપથી હળીમળીને ઘરસંસાર ચાલતો હોય. અસલના સમયમાં વીસ વીસ પચ્ચીસ પચ્ચીસ મનુષ્યો એક કુટુંબમાં ભેગા રહી શકતા હતા અને 'સંપ ત્યાં જંપ' એ કહેવત પ્રમાણે તેઓ વધારે સુખી પણ હતા. અજ્ઞાનને લીધે નજીવી બાબતોમાં સ્ત્રીઓ લડી મરે છે. "સાસુએ મને ઠપકો આપ્યો, જેઠાણીના છોકરાને સારૂ ઝભલું કર્યું, અને નણંદ બેસી રહી." આવા આવા કારણોથી લડાઈ થાય છે, અને સ્ત્રીઓની ઈર્ષ્યા, અદેખાઈ અને અજ્ઞાનને લીધે પુરૂષવર્ગમાં કુસંપ પેસે છે અને કુટુંબ

ભિન્ન રહેવું પડે છે, અને ભેગા રહેવાથી જે કરકસરથી ખરચ નિભતું હતું તેને બદલે બમણું ખર્ચ થાય છે. આ કુસંપ અને કજીઆને નિર્મૂળ કરવાને હળીમળીને ચાલવું, જરા ઉદાર વૃત્તિ રાખવી, નજીવી બાબતોને અગત્યની ન ગણવી તેજ છે. જે હાલ વહુઓ છે તે આગળ જતાં સાસુઓ થશે, આપણામાં કહેવત છે કે ' વાવે તેવું લણશે અને ઠારશે તેવું ઠરશે. ' માટે જો તમે તમારી સાસુઓને જંપી નહિ બેસવા દેશો તો તમારા છોકરાની વહુઓ તમને પણ સ્થિર બેસવા દેશે નહિ, માટે જેમ બને તેમ સંકટ સહીને સ્વાર્થનો ત્યાગ કરી પણ સલાહ સંપથી રહેવાય તેમ વર્તવું.

આ સ્થળે બીજો પક્ષ પણ ભૂલવો જોઇએ નહિ. સાસુઓનો નવી વહુરોપર જે ત્રાસ હોય છે, તે કેટલીક વખત તો જુલમ રૂપજ હોય છે. સાસુઓ પોતાની વહુપણાની સ્થિતિ તદ્દન ભૂલી જાય છે; પોતાની જુવાનીનો સમય તદ્દન વિસરી જાય છે; તેમની જોહુકુમી તો હિંદુ સ્ત્રીઓજ સહન કરી શકે. પોતે સ્ત્રીજાતિ છે, એ વાતને તદ્દન કોરાણે મૂકી પોતાના આશ્રય તળે મૂકાયેલી બિચારી જુવાન બાળાઓ પર જે સત્તા, દોર ચલાવવામાં આવે છે, તે કહ્યું જાય તેમ નથી. હાથ નીચેના માણસોપર તે કેવી રીતે વર્તે છે, તે પરથી કોઇની મોટાઇનો ખ્યાલ બાંધી શકાય. જો આ રીતે વિચારીએ તો સાસુઓ મોટે ભાગે છેક હલકી પાયરી પર મૂકવામાં આવે. કારણકે તેઓ પોતાને મળેલી સત્તાનો તદ્દન ગેરઉપયોગ કરે છે અને સાસુઓના ત્રાસથી ઘણીક કુમળી લતાઓ ઉગતીજ છેદાઈ જાય છે. કેટલીક વહુરો સાસુઓના ત્રાસથી આપઘાત કરે છે અને કેટલીક અંદર રીબાઈ રીબાઇને ઝુરી ઝુરી મરે છે. હે દયા ધર્મ પાળનારી સાસુઓ! ક્યાં છે તમારી દયા! ક્યાં છે તમારી આ તમારા શરણે પડેલી પશુરૂપ બા-ળાઓ પ્રત્યેની દિલસોજી! તમે ભગવાન પાસે દયાની માગણી કરો

છો, પણ જો આ તમારી વહુરો તરફ તમે દયા કે દિલસોજી બતાવશો નહિ, અને તેમને કામ કરવા છતાં પણ ઉપરથી ડફણાં માર્યા કરશો, તો પ્રભુની મહેરબાની કદાપિ તમને મળશે નહિ. જે તમે બીજાને આપતા નથી તે માગવાનો તમને શો હક્ક છે? આ બધી સાસુઓ આશ્રયી સત્ય નથી. પણ મોટે ભાગે આવી સ્થિતિ છે, અને તે ખેદકારક સ્થિતિ જલ્દીથી દૂર થવાની ખાસ જરૂર છે.

પુત્ર પુત્રીઓ પ્રત્યે માતાનું કર્તવ્ય—જે હાલ બાળાઓ છે-કન્યાઓ છે તે આગળ જતાં માતાઓ બનવાની, માટે માતા તરીકે બાળકો પ્રત્યે સ્ત્રીઓની શી ફરજો છે તેનો કાંઇક ખ્યાલ આપીએ તો તે અનુચિત ગણાશે નહિ. બાળકના મગજને કુમળા વૃક્ષની ઉપમા આપવામાં આવે છે અને તે ખરેખર બરોબર છે. કુમળા વૃક્ષને જેમ વાળીએ તેમ વળી શકે છે, પણ પાછળથી વાળવું મુશ્કેલ પડે છે. તેજ પ્રમાણે બાળકના મગજ ઉપર જે વિચારોની છાપ પાડીએ તે સ્થિર પડી શકે છે અને તે અસર જીંદગી સુધી કાયમ રહે છે. આ વાત ઉપર લક્ષ આપીએ તો સ્ત્રીજાતિની જોખમદારી કેટલી વધે છે તેનો કાંઇક ખ્યાલ આવી શકે. મનુષ્ય એ અનુકરણ કરનારૂં પ્રાણી છે. અને નાનપણથી જેવો આચાર આસપાસના મનુષ્યોમાં દેખે તેવો આચાર તે શીખે છે. બાળક બાલ્યાવસ્થામાં ઘણુંખરૂં માની પાસે રહે છે, અને તેથી કરીને માતાના આચાર વિચારની છાપ મજબુત રીતે બાળક પર પડે છે. તેથી કરીને બાળકનો દેખતાં કોઇ પણ અપશબ્દ માતાએ બોલવો નહિ, તેમજ અયોગ્ય કાર્ય કરવું નહિ, પણ ઉચ્ચ પ્રકારના ગુણના નમુનારૂપ બનવું. ઘણી વાર માતાઓ બાળકના દેખતાં જુઠું બોલે છે, તેઓ ધારે છે કે બાળક કાંઇ સમજતું નથી, પણ બાળકના મગજનો અભ્યાસ કરનારા જણાવે છે કે બાળકો અજાણપણે પણ જેવા શબ્દો સાંભળે છે તેવા

જેવા આચારો જુએ છે તે પ્રમાણે બોલતાં શીખે છે અને વર્તે છે. માટે આ ઉપરથી માતાઓએ પોતાની જોખમદારી સમજવી જોઇએ અને બાળકો પ્રત્યે પોતાનો ધર્મ બરોબર સચવાય તે પ્રમાણે વર્તવું જોઇએ.

ઘણી માતાઓ રડતા બાળકને છાનું રાખવાને કાંઈ પણ ઉપાય નહિ જડવાથી, તે બિચારા કુમળા મગજ આગળ ભયના વિચારો દર્શાવે છે.

" ઓ ! હાઉ આવ્યો ! " " એ બાઘડો આવ્યો ! " "એ બિલાડો આવ્યો " એમ કહી તે છોકરાંઓને ડરાવે છે. આથી તે છોકરાંઓના મનમાં બાળપણથી ભયના વિચારો પેસી જાય છે. તેઓ ડરપોક બને છે, અને મોટપણે મરદાનગીનાં કામ કરી શકતા નથી. માટે માતાઓની એ ફરજ છે કે કદાપિ બાળકને ડરાવવું નહિ, અથવા બાળકના મનમાં ખોટો ભય ઉત્પન્ન કરવો જોઇએ નહિ. પણ તેમને હિમ્મતવાન બનાવવા જોઇએ કે જેથી મોટી ઉમ્મરે જીંદગીમાં આવી પડતી મુશ્કેલીઓના સામા થઈ શકે.

સુઘડતા—સ્ત્રીઓએ ઘરમાં ખાસ સુઘડતા રાખવી જોઇએ. સુઘડતા રાખવાથી જે લાભ થાય છે, તે કહી શકાય તેમ નથી. સુઘડ સ્ત્રી વાળીચુંણીને બધું સાફ કરે છે. ઘરમાં જરા પણ કચરો રહેવા દેતી નથી. પોતાનાં તથા બાળકોનાં કપડાં સાફ રાખે છે. ઘરેણાં, વાસણ, રાચરચીલાં પણ સ્વચ્છ રાખે છે. છોકરાંઓને પણ નવરાવીને ચોખ્ખાં રાખે છે. ફુએડ સ્ત્રી જ્યારે સર્વત્ર નિંદા પામે છે, ત્યારે સુઘડ સ્ત્રીની પ્રશંસા થાય છે. ઘરમાં સાફસુફ રાખવાથી જીવજંતુની ઉત્પત્તિ થતી નથી. માકણ વગેરે થતા નથી, અને સર્વ સ્થળે સાફસુફ જોવાથી ચિત્ત પણ આનંદમાં રહે છે. બાહ્ય સુંદરતા, અંદરની સુંદરતાને ઉત્પન્ન કરે છે માટે બાહ્ય સુંદરતા રાખવી એ પણ આવ-

સ્યક છે. ઘરમાં પેસતાં વારજ વસ્તુઓ કેવી સ્થિતિમાં પડી છે, તે જોવાથી સામો મનુષ્ય તે ઘરની સ્ત્રીની સુઘડતા કે તેનો અભાવ જાણી શકે છે. પોતાની શક્તિ ન હોય તો કોઇ ભારે મૂલનાં કપડાં પહેરવાનું કહેતું નથી, પણ જે કપડાં પહેરવામાં આવે તે ધોયેલાં અને સ્વચ્છ જોઇએ. વસ્તુઓને વ્યવસ્થાસર ગોઠવવામાં કાંઇ મૂલ્ય બેસતું નથી. તેમ ઘરને વાળીને સાફ રાખવામાં પણ કાંઈ કિંમત બેસતી નથી. સુઘડ માતાના છોકરાઓ પણ નાનપણથી સુઘડ રહે છે, અને તે નાનપણમાં પડેલી ટેવ તેમના જીવનમાં પણ જણાઈ આવે છે, માટે સ્ત્રીઓએ પોતે સુઘડ રહી બાળબચ્ચાંને પણ સુઘડ રાખવાં અને ઘર, વસ્ત્ર, રાચરચીલાં, આંગણું વગેરે સાફસુફ રાખવાં જોઇએ.

વ્હેમનો ત્યાગ—સ્ત્રીઓમાં વ્હેમીપણું ઘણું નજરે પડે છે. તે વ્હેમીપણું મુખ્ય બે બાબતોમાં વિશેષ કરીને જોવામાં આવે છે. જો સ્ત્રીને પુત્ર પ્રાપ્તિ નથી તો તે મેળવવાને દોરા, ધાગા, ચીઠીઓ, મંત્ર, જંત્ર તથા માનતાઓ, વગેરે કરે છે, અને આવા કામમાં કેટલીકવાર નીચ પુરૂષોના પ્રસંગમાં આવતાં પોતાના શીળને પણ લાંછન લગાડે છે. પુત્ર પ્રાપ્તિ એ પૂર્વ જન્મોમાં કરેલાં કર્માનુસાર થાય છે. તેમાં દોરા, જંત્ર, કે ફકીરે આપેલી ચીઠી કાંઈ કામ લાગતાં નથી. જે જે વસ્તુ પ્રાપ્ત થાય છે, તે પુણ્યથી થાય છે. માટે સુશીલ સ્ત્રીએ પુત્ર પ્રાપ્તિની ઇચ્છાએ કાંઇ પણ કરવું હોય તો પુણ્યનાં કામ કરવાં, ગરીબોને દાન આપવું, ભુખ્યાને ભોજન આપવું, માંદાની માવજત કરવી, વગેરે સારાં કામ કરવાં કે જેથી આનંદ પામેલા ગરીબો આશિષ આપશે, અને જે આશીર્વાદના પ્રતાપે જો પુણ્ય સબળ હશે, તો પુત્ર પ્રાપ્તિ થશે.

બીજો વ્હેમ રોગની બાબતમાં છે. જો કોઈ માંદું પડ્યું, તો

સ્ત્રીઓ તે રોગનું કારણ જાણી દવા કરાવવાને બદલે એમ કહેશે કે આને તો કોઈ નડે છે, એને તો વળગણ છે; એણે તો કોઇએ ચુસીજ ખાધી. આવા આવા વ્હેમને લીધે રોગની શરૂવાતમાં દવાને બદલે ભૂવા, જતીના, મંત્રશાસ્ત્રીઓના ઉપચારો કરવા દોડશે અને જ્યારે રોગ વધી જશે, ત્યારે કાંઇ પણ ઉપાય ન ચાલે દવાનો આશ્રય લેવા જશે, જે ઘણી બાબતોમાં નિષ્ફળ નીવડશે. કારણ કે રોગ વધી ગયા પછી દવા શું કરી શકે! આવા વ્હેમથી અનેક સ્ત્રીઓ મરણ પામે છે, એ ખરેખર ખેદની વાત છે. ઘણી વાર પોતાને થયેલા રોગની બાબત સ્ત્રીઓ લાજ શરમથી જણાવતી નથી અને દુઃખી થાય છે. રોગ જણાવવામાં શરમ રાખવી એ શત્રુને ઉત્તેજન આપવા બરાબર છે, અથવા તો સર્પને દુધ પાવા બરાબર છે. માટે ખોટી શરમનો ત્યાગ કરી તરતજ દવા લેવી જોઇએ કે જેથી તે રોગના મૂળનો ઉગતાં વારજ નાશ થાય.

આ શિવાય પણ સ્ત્રીઓના બીજા ઘણા ધર્મો છે, પણ તે સર્વનું સવિસ્તર વર્ણન કરવું અતિ મુશ્કેલ છે. માટે ટુંકાણમાં એટલુંજ કહીશું કે જેથી પતિ રાજી રહે, દેરાણી, જેઠાણી તથા સાસુ સાથે હળીમળીને ચલાય, પિતૃ તથા શ્વશુરપક્ષ ઉભયનું સારૂં દેખાય, પોતાના બાળકોને સારી રીતે કેળવાય, તેમજ પારકાની નિંદા નહિ કરતાં પોતાનો સમય નીતિનાં સુબોધ આપનારાં પુસ્તકો વાંચવામાં કે ભરવા ગુંથવામાં પસાર થાય—તેવું વર્તન રાખવું એજ સ્ત્રીઓ માટે ઉચ્ચ પ્રકારનું સદ્વર્તન છે, અને એવા સદ્વર્તનવાળી સર્વ આર્ય બાળાઓ થાઓ એવી હૃદયથી પ્રાર્થના કરૂં છું.

સ્રીઓની મહત્તા.

" કોઇ પણ કોમ કે સમાજ સુધારામાં કેટલે અંશે પહોંચેલી છે, તેનો નિર્ણય કરવાનો આધાર તે કોમ કે સમાજમાં સ્રીઓની કેવી સ્થિતિ છે, તેનાપર રહેલો છે; " આ એક તત્ત્વવેત્તાના મહાન્ શબ્દો બહુ ગંભીર અને વિચાર કરવા લાયક છે.

અન્યધર્મો સ્રીઓને કેવી પદવી આપે છે, તે નહિ વિચારતાં આપણે જૈન દૃષ્ટિએ આ સવાલને તપાસીશું. સ્રી જાતિને મોટામાં મોટું માન આપી શકાય તે જૈનો તેને આપે છે. જૈનધર્મ બેધડક એટલે સુધી કહે છે કે સ્રીઓ સકલકર્મનો ક્ષય કરી તીર્થંકરપદ પ્રાપ્ત કરે છે. તીર્થંકર કરતાં મહત્વનું પદ આ જગતમાં બીજું શું હોઇ શકે? જ્યારે તે પદને માટે પણ સ્રી લાયક ગણવામાં આવી ત્યારે જગતમાં એવી કઇ સ્થિતિ છે, એવી કઈ પદવી છે કે જેને વાસ્તે તે ના લાયક ગણાય?

તીર્થંકરોને જન્મ આપનાર માતાઓને દેવાધીશ ઇન્દ્ર અને તેના અનેક અનુચર દેવો પણ નમે છે, તેના કરતાં બીજું વધારે મોટું માન કયું હોઇ શકે? મહાત્મા પુરૂષોને જન્મ આપનારી રત્નપ્રસૂતાઓ જગતને સર્વદા વંદનીય છે.

પ્રાતઃકાળમાં ઉઠી આપણે સોળ સતીઓનાં પવિત્ર નામ ઉચ્ચારીએ છીએ, તેમનાં યશોગાન કરીએ છીએ, તેમને નમસ્કાર કરીએ છીએ, આપત્તિ વખતે પણ ભક્તિ સાથે તેમનાં નામ ગણીએ છીએ. આ શું ઓછું માન છે? આ શું જૈન સમાજમાં સ્રીઓની સ્થિતિ ઉચ્ચ નથી?

પ્રતિક્રમણ કરતી વખતે સોળ વિદ્યા દેવીઓને નમસ્કાર કરી—

આપણું કલ્યાણ કરવા તેમને પ્રાર્થીએ છીએ. આ દેવીઓ પણ સ્ત્રીઓ છે. તો શું જૈન સમાજમાં સ્ત્રીઓની મહત્તા નથી?

જૈન સંઘનાં જે ચાર અંગ છે, તેમાં શ્રાવિકા અને સાધ્વીઓ આવી જાય છે. શ્રી તીર્થંકર ભગવાન્ પણ દેશના સમયે **નમો તીત્થસ્સ** કહી સકળ સંઘને નમે છે, તે સંઘના બે વિભાગની સ્ત્રી જાતિથી બનેલા છે. તો શું સ્ત્રીઓની જૈન સમાજમાં પ્રધાન સ્થિતિ નથી?

ભગવતી સૂત્રમાં **णमो बंभी लिवी** ' નમો બ્રાહ્મી લીપીને ' એ પાઠ છે; જેના નામ ઉપરથી બ્રાહ્મીભાષા થઈ, તે બ્રાહ્મી સુંદરીને શું જૈન શાસ્ત્રોમાં નમસ્કાર કરવા યોગ્ય નથી ગણી? શું **ચ**ંદનબાળા અને **સુ**લસા સતીના શ્રી **મ**હાવીર પ્રભુએ ભર સભામાં વખાણ નથી કર્યાં?

શું પતિએ સ્ત્રીને જૈન ધર્મ માર્ગ સમજાવી તેનું કલ્યાણ કરવું એવો પાઠ શ્રાદ્ધ વિધિમાં નથી? જો ઉપરની હકીકત ખરી હોય (અને તે ખરી તો છેજ) તો જૈન સમાજ સુધારાની ટોચે પહોંચેલો હોવી જોઇએ, તો જૈન સમાજ બીજી સમાજો કરતાં **અગ્રેસર** ભાગ ભજવતો હોવો જોઇએ.

ઉપરની હકીકત ખરી છે, પણ દિલગીરી સાથે જણાવવું પડે છે કે હાલના જૈન સમાજમાં સ્ત્રી જાતિની સ્થિતિ બહુ અધમ છે. અને તેને વાસ્તે કારણો છે, જે હવે નીચે જણાવવામાં આવે છે.

લોકોને વૈરાગ્યનો ઉપદેશ આપવાના હેતુથી શાસ્ત્ર લખનારા કેટલાક આચાર્યોએ સ્ત્રીઓને ન આપી શકાય એવી અધમ ઉપમાઓ આપવામાં બાકી રાખી નથી. તેઓનો ઉદ્દેશ સ્તુત્ય હતો, પણ તેનું પરિણામ બહુ ખેદજનક અને વિપરીત આવ્યું છે, એ તો આંખ ઉઘાડીને જોનારને જણાયા વગર રહેશે નહિ. સ્ત્રીને ' નરકની ખાણ '

'પ્રત્યક્ષ રાક્ષસી' 'અનેક અધમ ગુણોનો ભંડાર' વગેરે એવી તો હલકી ઉપમાઓ આપી કે જેના પરિણામે લોકો સ્ત્રીઓ તરફ તિરસ્કાર ભાવથી જોવા લાગ્યા, અને સ્ત્રીઓ પોતાના અવતારને નીચ માનવા લાગી. આની ખેદજનક અસર એટલી બધી થઈ કે જ્યારે પુત્રીનો જન્મ થાય ત્યારે માતા રડવા લાગે. આવા વિચારો ધીમે ધીમે એવા દઢ થતા ગયા કે 'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ' 'સ્ત્રી પગના ખાસડાં બરાબર છે,' 'સ્ત્રી મરી ગઈ તો ઉંદરડી મરી ગઇ' આવી આવી કહેવતો આપણામાં પ્રવેશ પામી; અને આવી ભાવનાઓની જન સમાજ ઉપર શી અસર થઈ છે તે તો તમારી આસપાસ જુઓ એટલે તરત જણાઇ આવશે.

જ્યારે સ્ત્રીની મહત્તા પ્રથમ શાસ્ત્રકારોએ ઘટાડી, પછી ધીમે ધીમે જનસમાજમાં તે મહત્તા ઘટી અને છેવટે લોકો સ્ત્રીઓ તરફ કેવળ તુચ્છ બુદ્ધિથી જોવા લાગ્યા; "સ્ત્રીને ક્યાં કમાવા જવું છે? તેને ભણાવવાથી શો લાભ? અથવા ભણશે તો બગડશે" આવા આવા વિચારો જન સમાજમાં ઘૂસતા ગયા. પોતાનું સ્વાત્મમાન (Self-respect) જે આવવાનું એક બારૂં કેળવણી હોઈ શકે, તે પણ આ રીતે બંધ કરવામાં આવ્યું. આવી રીતે ચારે બાજુએથી અજ્ઞાન અને વ્હેમની દિવાલોમાં કેદ પડેલી, સ્વાત્મમાન વગરની, સ્ત્રી જાતિ એ હલકી છે એવા વાતાવરણમાં જન્મથી ઉછરેલી સ્ત્રીઓ —કુટુંબનું, ધર્મનું કે સંતાનનું શું કલ્યાણ કરી શકે?

વ્હાલા જૈન બંધુઓ! તમારો ઉદય બહુ દૂર છે, તમે સ્ત્રીઓને નીચ અને અધમ બનાવી છે, તેનાં ફળ તમારે ભોગવવાંજ પડશે. સ્ત્રીઓ ઉપર જે ત્રાસ તમે ગુજાર્યો છે, તે પાપથી તમારાથી છુટાય તેમ નથી. તમે ધર્મિષ્ઠ ગણાવાનો ખોટો દાવો કરો છો, દયા ધર્મના હિમાયતી છો એમ ખોટો પોકાર કરો છો. જ્યાં સુધી તમારા

ણુતળે આવેલી તમારી પુત્રીઓ, બ્હેનો કે સ્ત્રીઓ તરફ તમે દયા નહિ બતાવો, તેમને નહિ ભણાવો, તેમને ઘટતું સન્માન નહિ આપો અને જ્યાં સુધી તમે તેમને એક ભોગ્ય વસ્તુ કે સંતતિ ઉત્પન્ન કરવાના સાંચારૂપ જ માનશો, ત્યાં સુધી ખચીત માનજો કે તમે અધમતામાં વિશેષ ને વિશેષ ધસડાતા જશો. તમે મહાન્ દેવો પાસે દયાની પ્રાર્થના કરો છો, પણ જેની આગળ તમે દેવ સમાન છો એવી તમારા શરણુતળે આવેલી અનાથ સ્ત્રીઓ તરફ તમે દયા નહિ બતાવો, તમે તેમનું કલ્યાણુ નહિ કરો ત્યાં સુધી દેવો કદાપિ તમારા સામું જોશે નહિ. જો દયા મેળવવાની આશા રાખતા હો તો દયા કરો. સ્ત્રીઓને ઉન્નત બનાવવામાં વ્હાલા બંધુઓ! તમારો સ્વાર્થ પણ છે. પરોપકારની ખાતર નહિ તો કેવળ સ્વાર્થ બુદ્ધિથી પણ સ્ત્રીઓ તરફ ઘટતું સન્માન રાખતા જાઓ. આ લેખક કદાપિ એમ કહેવા માગતો નથી કે સ્ત્રીઓને કેવળ સ્વતંત્ર કે ઉચ્છૃંખલ બનાવી દો; પણ એટલું તો તેની બ્હેનોવતી કહેવાની હિમ્મત ધરે છે કે તેમના તરફ જે નિષ્ઠુરતા વાપરવામાં આવે છે, તેમની તરફ ઢોરને છાજતી જે વર્તણુક ચલાવવામાં આવે છે તે નિષ્ઠુરતા કે નિર્દયતાના પાપથી મુક્ત થાઓ.

બંધુઓ! તમે કદાચ કહેશો કે આજકાલની સ્ત્રીઓ એવીજ વર્તણુકને લાયક છે. પણ આ તમારૂં કહેવું અનુચિત છે. ખરી વાત છે કે સ્ત્રીઓ બહુ ઉચ્ચ નમુનાની નથી. પણ તેમ હોવાનું કારણુ તમે પોતેજ છો. જરા શાંત થઇ હું જે કહું છું તે વિચારો અને મારો કહેવાનો ભાવાર્થ તમને સમજાશે.

જૈન શાસ્ત્રનો જેણે સ્હેજ પણ અભ્યાસ કર્યો હશે તેના જાણુવા બહાર નહિ હોય કે મોટા આત્માઓ ઉચ્ચ કુળમાં જન્મે છે, તીર્થંકરો ક્ષત્રિય જેવા પ્રતાપી કુળમાં અવતરે છે. કર્મના મહાન નિયમ પ્રમાણે મોટા આત્માઓ અનુકૂળ સંજોગોમાં અવતરે છે, જો

આ બાબતની તમને સંપૂર્ણ શ્રદ્ધા હોય તો એક બીજી બાબત હવે વિચારીએ.

જ્યાં સુધી તમે પુત્રીઓના બાળવયમાં લગ્ન કરી તેને ગમે તેવા સાથે લાકડે માંકડું વળગાડી દો, જ્યાં સુધી તમે તેને અભણ અને કેળવણીના અગણ્ય લાભથી બેનશીબ રાખો, જ્યાં સુધી સ્ત્રી જાતિને યોગ્ય ગુણો ન આપો, ત્યાં સુધી મહાન્ આત્માઓ તમારા કુળમાં કે કુટુંબમાં કે કોમમાં જન્મ લે એ તદ્દન અસંભવિત છે. જો આ બાબતની તમને ખાત્રી થતી હોય તો હાલમાં જૈન સમાજમાં જે સ્ત્રીઓ જન્મ લેવા પામી છે, તેને સારૂ મ્હારા વ્હાલા બંધુઓ ! તમેજ અને તમારી વર્તણુકજ જોખમદાર છે. પુણ્યશાળીને ઘેર સારા જીવો અવતરે છે. જો આપણે બાળલગ્ન બંધ કરીશું, જો આપણે પુત્રીઓને યોગ્ય કેળવણી આપીશું, જો તેમને લાકડે માંકડાંની પેઠે ગમે તેવા વૃદ્ધ સાથે કે ન ગમતા પતિ સાથે પરણાવીશું નહિ, પણ તેમને યોગ્ય વર પસંદ કરી શકે તેવા સંયોગોમાં મુકીશું, જો તેમનામાં સ્ત્રી જાતિની મહત્તાની ઉચ્ચ ભાવના આપણે લાવીશું, અને આપણું તેમની તરફનું વર્તન પણ તેવા પ્રકારનું રાખીશું. જો આ પ્રમાણે ૧૫ કે ૨૫ વર્ષ સુધી ચાલીશું તો મારી ખાત્રી છે કે આપણી જૈન કોમને દીપાવે એવા આત્માઓ જૈનોમાં પુત્રીઓના થશે. જો પ્રતાપી આત્માઓ–વિશુદ્ધ ગુણવાળાઓ સ્ત્રી તરીકે જન્મશે તો પછી તે કોમનો ઉદય થતાં વાર શી ! માટે છેવટમાં એટલુંજ જણાવવાનું કે સ્ત્રીઓને **સ્વાત્મ ભાવનાવાળી** પણ **વિનીત** બનાવો તોજ જૈનોનો ઉદય છે. નહિ તો પુરૂષોનું એકલું ચક્ર ક્યાં સુધી ચાલશે ?

ગૃહસ્થાશ્રમ એ શું છે, અને તે ક્યાં ક્યાં શિક્ષણો આપણને આપે છે, તે વિચારીએ. તે **નિઃસ્વાર્થતા** અને **નિયમિતતા** શીખવે છે. નિર્બળનું રક્ષણ કરવાનું શીખવાની અને સહેલામાં સહેલી

રીતે આત્મભોગ આપવાનું શીખવનારી નિશાળ છે. મી. મજમુદાર નામનો એક બંગાળી લેખક જણાવે છે કેઃ—" કીર્તિ, ધન, અને ઉંચી પદવીનાં સુખ પ્રાપ્ત કરવાં એ કામ સુલભ નથી, પણ માયાળુ પિતા, પ્રેમાળ માતા, સુશીલ અને અનુરાગી ભાર્યા, કર્ત્તવ્યપરાયણ પુત્રો, અને આજ્ઞાંકિત પુત્રી, આ સર્વ આનંદના કારણો છે. પણ આપણો ગૃહસ્થાશ્રમ કેવળ આનંદને લીધેજ કીમતી નથી; કારણ કે ઘણે ભાગે દિલસોજી, સહનશીલતા, સ્વાર્થત્યાગ અને કોમળતાના ઉમદા પાઠો શીખવનારી એ ઉત્તમ શાળા છે. માતાને, પત્નીને અને પુત્રીને તેઓનાં કર્ત્તવ્ય બજાવતાં જોવાં એજ એક પ્રકારની ઉમદા કેળવણી છે."

હવે આપણે પિતાપુત્ર, પતિપત્ની, માતા અને પુત્રનો સંબંધ અનુક્રમે વિચારતા આવીશું અને જો માણસ ધારે તો તેમાંથી કેવા પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે અવલોકીશું.

પિતા પુત્રનો સંબંધ.

પ્રથમ આપણે પિતા અને પુત્ર વચ્ચેના સંબંધનું અવલોકન કરીશું, અને તે સંબંધ પ્રથમ કેવા પ્રકારનો હતો, હાલ કેવા પ્રકારનો છે; અને તેમાં કેવા પ્રકારના સુધારાની જરૂર છે તે આપણે વિચારીશું. પ્રાચીન સમયની પિતા પુત્ર સંબંધી ઉચ્ચ ભાવનાઓ નિહાળતાં આપણને જણાય છે કે પિતા અને પુત્ર વચ્ચે પ્રેમની લાગણી બહુજ દ્દઢ હતી. પિતા તે પ્રેમની લાગણી પુત્રનું રક્ષણ કરવામાં અને તેને સન્માર્ગે દોરવવામાં વાપરતો હતો. પ્રાચીન ઇતિહાસ તેના અનેક પુરાવા આપે છે.

પણ હાલના સમય તરફ દૃષ્ટિ કરતાં આપણે સખેદ કહેવું પડે છે કે ઉચ્ચ ભાવના ઘણે ભાગે વિનાશ પામેલી છે. જે ઉચ્ચ ભાવના હાલમાં જોવામાં આવે છે, તે પ્રાચીન સમયના લીસોટા તુલ્ય છે.

પિતા અને પુત્ર વચ્ચે મહદ્ અંતર પડેલું જણાય છે. પિતા પુત્ર જોડે બોલવામાં અથવા તેના ભણી પ્રેમ દર્શાવવામાં પોતાની મહત્વતા ઘટતી હોય એમ માને છે અને તેથી પુત્રને પોતાથી દુર રાખે છે. આનું પરિણામ એ આવે છે કે પુત્ર પિતાથી ડરતો રહે છે, અને કેટલીક વાર પિતાને શત્રુ તરીકે લેખે છે. ઘણી વાર પિતાઓ સ્વાર્થનાજ વિચારમાં મશગુલ રહે છે. અને પુત્રોની જરૂરીયાતોના સંબંધમાં બેદરકાર રહે છે; અને પોતે જ્યારે યુવાવસ્થામાં હતા ત્યારે પોતાનામાં જે લાલસાઓ ઉત્પન્ન થતી તે તેઓ તદ્દન વિસરી જાય છે અને પોતાના હક્ક તથા સત્તા તરફ જેટલું ધ્યાન આપે છે તેટલું ધ્યાન તે ઉગતા છોડવાઓ ઉપર દયા રાખવામાં અથવા પ્રેમ બતાવવામાં રાખતા નથી.

આનું ખેદકારક પરિણામ એ આવે છે કે પિતાના પ્રેમભર્યા અને નીતિયુક્ત સહવાસમાં ઉછરવાને બદલે, તે પુત્રો તે પ્રેમ–પ્રીતિ પોતાના સમોવડીયા મિત્રોની સોબતમાં શોધે છે, અને આમ તેઓ ઉન્માર્ગે ઘણી વાર દોરાય છે.

હવે પુત્રો પણ ઘણે ભાગે મગરૂર, ઉદ્ધત અને અવિનયી જણાય છે. તેઓ પોતાને મળેલા અલ્પ જ્ઞાનને બહુજ મહત્વનું માની પોતાને એક અનિયંત્રિત રાજા તુલ્ય લેખે છે. અને પિતા તરફ ભક્તિ બતાવવાને બદલે અને તેની આજ્ઞાનુસાર વર્તવાને બદલે પોતાની સ્વેચ્છા પ્રમાણે ચાલે છે. આ રીતે તેઓ કૃતઘ્ની નીવડે છે.

પિતા પુત્રના સંબંધની ઉચ્ચ ભાવનાના ઉત્તમ નમુના વાસ્તે દશરથ અને રામચંદ્ર જેવાં દષ્ટાન્તો આપણા હૃદયચક્ષુ આગળ નિરંતર રાખવાં ઘટે છે. રામચંદ્રે દર્શાવેલી પિતૃભક્તિના અનેક પુરાવા છે. જે દિવસે પોતાને સારૂ રાજ્યાભિષેકના સર્વે સમારંભો તૈયાર થયા હતા, થોડા સમય પછી તે ચક્રવર્તી પદને મેળવવાનો હતા

અને સર્વત્ર આનંદ વ્યાપી રહ્યો હતો, તેજ દિવસે પોતાના પિતાનું વચન પાળવાને ચૌદ વર્ષ સુધી વનવાસ જવાને અને રાજ્યપાટનો ત્યાગ કરવાને તે ઉત્સુક થયા, એ બનાવજ તેમની પિતૃભક્તિનું અનુપમ દૃષ્ટાન્ત છે. રામચંદ્ર કરતાં વધારે ઉચ્ચ દાખલો પિતૃભક્તિનો શું હોઈ શકે? પણ દશરથ વિષે શું? શું તે પોતાના પુત્ર ભણી પ્રેમાળ, દિલસોજી ધરાવનાર અને માયાળુ હતો? ખરેખર તે તેવોજ હતો. જો કે પોતાની પત્નીને અમુક સંજોગોમાં આપેલા વચનાનુસાર રામચંદ્રને વનવાસ મોકલવાની તેને જરૂર પડી હતી, પણ તેનું પ્રેમાળ હૃદય પુત્રને સારૂ તલસતું હતું, અને પુત્રવિયોગના શોકને જ લીધે તે મરણ પામ્યો. આવો અનુપમ અને અનુકરણ કરવા યોગ્ય સંબંધ પિતા પુત્ર વચ્ચે અસલમાં હતો, તેવો સંબંધ શું હાલ પણ લાવી શકાય? અને લાવી શકાય તો તેને સારૂં શું કરવાની જરૂર છે?

જો ઉચ્ચભાવનાને વ્યવહારમાં મુકાયેલી જોવાની અને આપણો ઘરસંસાર સુખમય જોવાની આપણી અભિલાષા હોય તો પિતાઓનો ધર્મ એ છે કે તેઓએ પોતાના પુત્રો ભણી પ્રેમ, દિલસોજી અને વિશ્વાસ બતાવવાં જોઇએ.

પિતાએ પોતાના પુત્રની સાથે મૌનવ્રત ધારણ કરવું નહિ. તેમજ તેની તરફ પોતે બેદરકાર હોય તેવું વર્તન કરવું નહિ. પિતાએ **ખરેખર પુત્રોના રક્ષક** થવું જોઇએ છે. પણ આ કામ તેઓ પુત્ર પ્રત્યે પ્રેમ અને દિલસોજી બતાવ્યા વિના કરી શકશે નહિ, કારણ કે જો પિતાનો પુત્ર તરફ ખરો પ્રેમ હોય તો પોતાનો પુત્ર કેવા સોબતીઓના સહવાસમાં ફરે છે, તે તરફ તે લક્ષ આપ્યા વગર રહેશે નહિ, અને તેથી ખરાબ સોબતીઓના નીચ પ્રસંગમાં આવવાનો પ્રેમાળ પિતાના પુત્રને ઓછો સંભવ રહે છે.

પૂર્વેના સમયમાં પિતાના વચનને પુત્રો પ્રથમ સાંભળતા, પણ

હાલ તો તે વચનનું કારણ પૂછવાને તેઓ તત્પર થાય છે. પણ જો ઉચ્ચભાવના ફરીથી જાગૃત કરવી હોય તો પુત્રોએ પણ પિતાની ઉમ્મર, અનુભવ, વિશેષ જ્ઞાન વગેરે ધ્યાનમાં લઈ તેમના વચનને માન આપતાં શીખવું જોઇએ. પિતાની પોતાના ઉપર રહેલી સત્તા કબુલ રાખવી જોઇએ. આમ જ્યારે થશે ત્યારે જ વિરોધ અને દિલસોજીના અભાવને બદલે શાંતિ અને પ્રેમ ઘરસંસારમાં ફરીથી પ્રસરશે.

માતા પુત્રનો સંબંધ.

હવે આપણે મા અને પુત્ર વચ્ચેનો સંબંધ વિચારીએ. જો કે સ્વતંત્ર વિચારમાં ઉછરેલા યુવકો, પોતાની જુવાનીના મદમાં પોતાની માતા તરફ ભક્તિ ન બતાવે કે તેને માન ન આપે, છતાં માતાનો પુત્ર પ્રત્યેનો પ્રેમ, સ્વાર્થ ત્યાગ અને દિલસોજી તો તેવાં ને તેવાં છે. એક લેખક જણાવે છે કે, જ્યાં સુધી વસ્તુ આપણી પાસે હોય ત્યાં સુધી આપણને તેની કીંમત હોતી નથી, પણ જ્યારે તે વસ્તુ આપણે ખોવાની તૈયારીમાં હોઇએ અથવા તે વસ્તુ ખોઇએ છીએ, ત્યારે જ તેની ખરી કીંમત આપણને જણાય છે. તેજ રીતે ઘણા યુવકો માતાના પ્રેમ, દિલસોજી, સ્વાર્થભોગ અને તેઓના હિત તરફની તેની અનન્ય કાળજી; આ સર્વને લેખામાં ગણતા નથી; પણ જ્યારે માતા મરણ પામે, અને તેમની તરફ દિલસોજી કે પ્રેમ બતાવનાર બીજું કોઈ માણુસ ન હોય ત્યારેજ માતાના પ્રેમની ખરી કીંમત તેઓને જણાય છે, અને માતાનું હેત સાંભરી આવે છે; તે વખતે તેઓ ગમે તેટલો પશ્ચાત્તાપ કરે, છતાં તેમણે માતા પ્રત્યે દર્શાવેલી બેદરકારીનો બદલો તેઓ વાળી શકે નહિ.

આવા કેટલાક અપવાદને બાદ કરતાં ઘણે ભાગે તે ઉચ્ચ સંબંધ હજી પણ ટકી રહેલો છે, પણ તેને એક મોટો ભય છે.

તરફ આપણે જરા ચેતવણી રાખવાની છે; કારણ કે માતાઓ કેળવાયલી હોતી નથી અને તેથી પોતાના કેળવાયેલ પુત્રોની ઇચ્છાઓ અને તરંગો સાથે દિલસોજી દર્શાવી શકે નહિ. તેથી ભવિષ્યમાં પુત્રો પોતાની માતા તરફ હાલના જેવા ભક્તિભાવથી જોશે કે કેમ તે એક મ્હોટો પ્રશ્ન છે. આ પ્રશ્નને લીધે ઉત્પન્ન થતો ભય દૂર કરવાને માટે એકજ સબળ ઉપાય છે, અને તે એ છે કે, સ્ત્રીઓની અજ્ઞાનદશા દૂર કરવી અને તેમને વિશાળ દૃષ્ટિવાળી બનાવવી અને આ સારૂ તેઓને નાનપણથી કેળવવાની–ભણાવવાની જરૂર છે.

માતાઓને માથે ગંભીર ફરજ રહેલી છે, તે અદા કરવાને પણ કેળવણીની જરૂર છે. તેમના હાથમાં મૂકાયેલાં બાળકો, જે ભવિષ્યના પ્રજાજનો થવાના છે, તેમને કેવી રીતે ઉછેરવા અને બાળપણમાં ઉંચા સંસ્કારો તેમનામાં મૂકવા એ માતાનું કામ છે. બાળકોને સમજણ હોતી નથી, પણ તેમનામાં અનુકરણ શક્તિ વિશેષ હોય છે. તેઓને આપેલો ઉપદેશ જે અસર કરી શકે, તેના કરતાં માતાના વર્તનની અસર તેમના પર વિશેષ પડે છે. જો માતા સત્યવાદી હોય તો બાળક કદાપિ અસત્ય બોલનાર નીવડે નહિ. જો માતામાં દયા હોય તો તેનો બાળક કદાપિ નિર્દય બને નહિ. કુમળા ઝાડની માફક બાળકને જેવું વલણ આપવામાં આવ્યું હોય તે તે લે છે. અને નાના ઝાડપર કોતરેલા અક્ષરો જેમ ઝાડ મોટું થતાં મોટું રૂપ ધારણ કરે છે, તેમ નાનપણમાં માતા તરફથી મળેલા સંસ્કારો જીવનપર્યંત તે બાળકના ચારિત્ર પર અસર કરતા રહે છે. એક બાળક નિશાળમાંથી એક બીજા છોકરાની પેન ચોરી લાવ્યો. માતા કાંઇ બોલી નહિ. ઠપકો પણ ન આપ્યો, પણ ખુશી બતાવી. થોડા દિવસ પછી તે છોકરો બીજા છોકરાની પાઇ ચોરી લાવ્યો. માતાએ તેને લાડવો ખાવા આપ્યો. પછી બીજા છોકરાઓની ચોપડીઓ ચોરતાં તે શિખ્યો. મા વધારે ને વધારે ખુશ થવા

લાગી. આથી છોકરાને ઉત્તેજન મળતું ગયું, અને મોટા થતાં તે છોકરાએ મોટી ચોરી કરી, જેમાં તે દેશના નિયમ પ્રમાણે તેને ફાંસીની સજા થઇ. ફાંસીએ લેઈ જતી વખતે અમલદારે પૂછયું. " તારે કોઇને કાંઇ કહેવું છે ?" તેણે કહ્યું " છેલ્લી વારની મને મારી માતાની મુલાકાત કરવાની ઇચ્છા છે." તે ઉપરથી તેની માતાને ત્યાં બોલાવરાવી. કાનમાં કાંઈ કહેવાને નિમિત્તે માતાના કાન આગળ મ્હોડું લાવી તેણે દાંતથી જોરથી માતાનો કાન કાપી નાખ્યો. લોકોમાં હાહાકાર થઇ ગયો ! આ છોકરાની ક્રૂરતા ઉપર લોકો ફિટકાર કરવા લાગ્યા. તેણે કહ્યું " બન્ધુઓ ! આ મારા કામ માટે મારે દિલગીર થવાની જરૂર નથી. જ્યારે હું નાનો બાળક હતો અને પેનની, પાઇની, કોઈની ચોપડીની, એવી નાની નાની ચોરીની ચીજો લાવતો હતો, ત્યારે જો માયે મને વાર્યો હોત અને જો મને લાડવો આપવાને બદલે ચુંટલી ખણી હોત તો મારી આ દશા ન આવત ! જે માતાઓ પુત્રને બાળપણમાં ખોટા લાડ લડાવી ખરાબ માર્ગે જતાં અટકાવતી નથી, તેવી માતાઓને ધડો મળે, અને આ માતાને પણ પોતાના કામનું ફળ મળે એ હેતુથી મેં તેનો કાન કરડયો છે. હું મરવાને તૈયાર છું." આ શબ્દો એટલા બધા સ્પષ્ટ છે કે તે પર વિશેષ લખવાની જરૂર નથી. બધા મહાન્ પુરૂષો પોતાના જીવનચરિત્રોમાં જણાવે છે કે અમુક સદ્‌ગુણો વાસ્તે તેઓ પોતાની માતાના આભારી છે. સો શિક્ષકનું કામ સારનાર અને વગર શિક્ષાએ નીતિના ઉમદા પાઠો શિખવનાર હે માતાઓ ! તમે તમારી ફરજો સમજો અને નાનપણથીજ બાળકોને ઉમદા ટેવો પડે તેમ તમે જાતે વર્તો.

પતિ પત્નીનો સંબંધ.

હવે આપણે પતિપત્નીનો સંબંધ વિચારીશું. શું પૂર્વના સમયની ભાવના હાલ જણાય છે ? પવિત્ર ધર્મ ગ્રંથોમાં વર્ણવેલાં ઉત્તમ

સ્ત્રી પુરૂષના સંબંધનાં ચરિત્રો તમને હાલ દૃષ્ટિગોચર થાય છે? અહીંયાં પણ જવાબ ઘણે ભાગે નકારમાં આવશે. સ્ત્રીઓ પતિને દેવ તરીકે માનતી હતી, તે ભક્તિ હાલમાં જોવામાં આવતી નથી, અને બીજી બાજુ તપાસીએ તો પુરૂષોનો પ્રેમ પણ બહુજ જુજ પ્રમાણમાં દેખાય છે. જે પ્રેમ, દિલસોજી અને દયા પતિએ પત્ની તરફ બતાવવાં જોઇએ તે ઘણે ભાગે બતાવવામાં આવતાં નથી. જે પ્રેમ પ્રેમપાત્રનું કલ્યાણ ઇચ્છે, તેવો પ્રેમ નજરે પડતો નથી. પણ આ સ્થળે કહેવું જરૂરનું છે કે જે પ્રેમ અને ભક્તિ સ્ત્રીઓ પુરૂષ પ્રત્યે બતાવે છે અને પુરૂષોના સુખને વાસ્તે જે દુઃખ સહન કરે છે, તે પ્રેમ, ભક્તિ અને દુઃખનો બદલો પુરૂષો તેટલાજ પ્રમાણમાં આપતા હોય એમ જણાતું નથી.

સ્નેહમુદ્રા યથાર્થ જણાવે છે કેઃ—

નરજાત સુખી હશે અહિં,
કદી મ્હાલતી સ્વચ્છંદથી;
પણ નારીને રોવા વિના,
નહીં કર્મમાં બીજું કંઈ.

ઘણી વાર પતિ એમ જણાવે છે કે, જો કે મારી સ્ત્રીને ચ્હાહું છું છતાં મારી સ્ત્રી મને પૂર્ણ પ્રેમથી ચ્હાતી નથી. આપણે આ વાક્યનું પૃથક્કરણ કરીએ અને તેનો ખરો અર્થ તપાસીએ. ખરો પ્રેમ પ્રત્યુપકારની આશા રાખતો નથી. તે તો પ્રિય જનનું હિત કરવાજ સર્વદા મથે છે. પોતાનું પ્રેમપાત્ર તે પ્રેમનો બદલો વાળે કે નહિં તેની ખરો પ્રેમી આકાંક્ષા રાખતો નથી. પ્રેમ ગ્રહણ કરવાને નહિ પણ આપવાને આતુર હોય છે. ઉપરનું વાક્ય તો 'આપ લે' પ્રેમથી ઉદ્‌ભવેલું છે.

તે તમને ચ્હાય, માટે તમે તેને ચ્હાઓ, અને તે ચ્હાતી બંધ થાય, એટલે તમે તેને ચ્હાતા બંધ થાઓ—આ રીત ખરા પ્રેમની

નથી. તે તો ઉચ્ચ પ્રકારની સ્વાર્થતા છે. આ રીતે તે વાક્યનું પૃથક્કરણ કરવામાં આવે તો, પોતે માની લીધેલો પ્રેમ ઉચ્ચ સ્વાર્થતારૂપ ઠરે છે, અને તેથી તે એકદમ ગભરાય છે, પણ અજ્ઞાનને દૂર કરવાનો પ્યાલો સર્વદા કડવોજ હોય છે, અને જો તે ભૂલ સુધારવી હોય તો તે પ્યાલો પીવોજ જોઇએ. માટે આ પ્રમાણે પોતાની ભૂલ સુધારીને તેણે ખરા અંતઃકરણથી પોતાની સ્ત્રી તરફ પ્રીતિ અને દિલસોજી રાખવી જોઇએ. અને જો ખરો પ્રેમ સ્ત્રીને પોતાના તરફ આકર્ષી ન શકે તો જગતમાં એવું બીજું કયું સાધન એક બીજાના હૃદયને આકર્ષવા સમર્થ થઇ શકે તેમ છે ? પ્રેમથીજ એક બીજાનાં હૃદય આકર્ષાય છે. જો એક બીજાનાં હૃદયમાં ખરો પ્રેમ હશે તો વિચારોના ભેદ દૂર જતાં વાર લાગતી નથી. અને આ પ્રમાણે હૃદય અને મન અભિન્ન થાય તો તેના જેવું ઉત્તમ જોડું બીજું કયું આ જગતમાં હોઇ શકે ? અને આ કારણથીજ સ્ત્રી પુરૂષની—પતિ પત્નીની મિત્રતા ઉત્તમ કહેલી છે. સ્ત્રી અને પુરૂષના ગુણો કેવા હોવા જોઇએ તે સંબંધની ઉચ્ચભાવના વિષે લખતાં વિદુષી **મીસીઝ એનીબીસેન્ટ** લખે છે કેઃ—

"સંપૂર્ણ અને અપરિમિત પ્રેમ, ઉત્કૃષ્ટ પૂજ્યભાવ, બદલાય નહિ તેવી ભક્તિ, દરેક પ્રતિકૂળ સંજોગોમાં પણ એકને વળગી રહેનારૂં ધૈર્ય, ગમે તેવા વિકટ પ્રસંગમાં પણ નહિ બદલાય તેવો પ્રેમ અને અત્યંત વિકટ અને કસોટીના સમયમાં પણ ડગે નહિ તેવી હિંમત; આ સર્વ અનુપમ પતિવ્રતા સ્ત્રીનાં મુખ્ય લક્ષણો છે. પતિએ પણ સંપૂર્ણ માયાળુપણું બતાવવું જોઇએ, નિરંતર તેનું રક્ષણ કરવું જોઇએ, અને તેને દોરવાની ઇચ્છા અને શક્તિ પતિમાં હોવી જોઇએ, અને તેની સાથે ડગે નહિ તેવો પ્રેમ રાખવો જોઇએ. આવા સદ્ગુણોવાળાં પતિપત્નીનું લગ્ન થાય તો તે લગ્નની ઉચ્ચ ભાવના તરીકે લેખી શકાય."

જો કે આવી ઉચ્ચ ભાવનાને વ્યવહારમાં મૂકવી એ કામ અતિ દુષ્કર છે, છતાં તે ઉચ્ચ ભાવના પ્રાપ્ત કરવાને કાંઇક પગલાં ભરી શકાય. તેમાંનું પ્રથમ પગલું એ છે કે માણસે **પ્રેમ** અને **કામ** વચ્ચેનો ભેદ સમજવો જોઇએ. કારણ કે ખરો પ્રેમ ઉપર જણાવ્યા પ્રમાણે પ્રેમપાત્રનું કલ્યાણ ઇચ્છે છે, પણ સ્વાર્થને સારૂ મથતો નથી. ખરા પ્રેમમાં સઘળું સહન કરવાનું સામર્થ્ય રહેલું છે. **પાશવ કામ** એક બાળકને ઉત્પન્ન કરી શકે તો **દૈવીપ્રેમ** માણસનો ઉદ્ધાર કરી શકે, તેમાં જરા પણ સંદેહ રાખવા જેવું નથી. કારણ કે જો ગૃહસ્થાશ્રમમાં પવિત્ર અને શુદ્ધ પ્રેમ સામ્રાજ્ય ભોગવતો હોય તો આપણો ગૃહસ્થાશ્રમ દેવતાઓને પણ આપણે ત્યાં જન્મ લેવાને આકર્ષી શકશે.

ગૃહસ્થાશ્રમમાં શિખવા યોગ્ય કેટલાક સદ્‌ગુણો.

ગૃહસ્થાશ્રમમાં માણસો ધારે તો અનેક પ્રકારના સદ્‌ગુણો શિખી શકે. કારણ કે, આપણે ઉપર જણાવી ગયા કે ગૃહસ્થાશ્રમ એ એક કેળવણીની શાળા છે. ક્યા ક્યા સદ્‌ગુણો શિખી શકાય, અને તે કેવી રીતે, તે હવે આપણે વિચારીશું. તેમાં મુખ્ય સદ્‌ગુણો સ્વાર્થ ત્યાગ, જીતેંદ્રિયપણું, પ્રેમ, વાણી અને મનનો સંયમ, ક્ષમા વગેરે છે. આ ગુણોમાંથી એક પછી એક હવે આપણે વિચારવા માંડીશું.

સ્વાર્થ ત્યાગ.

સ્વાર્થનો ત્યાગ ગૃહસ્થાશ્રમમાં રહીને માણસ કેવી રીતે શિખી શકે છે, તે ઉપર આપણું લક્ષ હવે આપણે દોરવીશું. એક સ્વાર્થી માણસ છે; તે પોતાના પંડના શિવાય બીજા કોઇનો વિચાર સરખો કરતો નથી. આપવું અથવા દાન કરવું તે શું, તે હજુ સમજતો નથી. તેવો માણુસ પરણે છે, લગ્ન સંબંધથી એક સ્ત્રીને પોતાની પત્ની બનાવે છે. તે સ્વાર્થી માણુસને પોતાની સ્ત્રીનું ગુજરાન ચલાવવું પડે

છે. તેના વસ્ત્ર સારૂ કેટલુંક ખર્ચ કરવું પડે છે; તેટલે અંશે તે નિઃસ્વાર્થી થાય છે અને સ્વાર્થ ત્યાગનો સદ્દગુણ તેનામાં ખીલે છે. આ રીતે ગૃહસ્થાશ્રમ તેને એક ઉમદા સદ્દગુણ કેળવવામાં સહાયભૂત થાય છે. લગ્નથી તે દંપતીને એક પુત્ર ઉત્પન્ન થાય છે. વળી વખત જતાં એક પુત્રીને તેની સ્ત્રી જન્મ આપે છે. આ પોતાના છોકરાનું પોષણ કર્યા સિવાય ચાલે નહિ, તેમના ભરણપોષણ માટે તેને ધન ખરચવું પડે છે અને તે કામ કરે છે. આ રીતે તેની સ્વાર્થવૃત્તિ તેટલા પ્રમાણમાં નાશ પામતી જાય છે. જો કે હજુ તે પોતાના આ ત્રણ સ્વજન સિવાય બીજાને સારૂ એક દમડી ખરચે તેમ નથી તો-પણ આ ત્રણ સ્વજનને સારૂ ખર્ચવાને તે પ્રેરાય છે તેટલે અંશે સ્વાર્થ ત્યાગનો સદ્દગુણ તેનામાં વૃદ્ધિ પામતો જાય છે. કારણ કે આ સ્વજનોને સુખમાં રાખવાને તેને પોતાનાં અંગત સુખનાં સાધનોનો ભોગ આપવો પડે છે. ધારો કે તે બજારમાંથી એક ફળ લાવે છે. તે જ્યારે એકલો હતો ત્યારે આખું ફળ પોતે જાતેજ ખાઇ જતો, અને બીજાને કડકો સરખો પણ આપતો ન હતો; પણ હવે તે ફળના ચાર ભાગ પાડે છે, તેમાંથી ત્રણ ભાગ તે પોતાની પત્ની અને બે છોકરાને વ્હેંચી આપે છે, અને ફક્ત એકજ ભાગ પોતાના સારૂ રાખે છે. આ રીતે તે ફળના ત્રણ કટકાનો પોતાના સ્વજન સારૂ ભોગ આપતાં શીખે છે. આ રીતે દરેક બાબતમાં તે સદ્દગુણ ખીલ-તો જાય છે, અને વખત જતાં તેનું દયાનું ક્ષેત્ર વિશાળ અને વિશાળ થતું જાય છે. જો કે ઉપર જણાવેલું ફળનું દૃષ્ટાન્ત બહુજ નજીવું છે, પણ તે ઉપર વિચાર કરીએ તો ગૃહસ્થાશ્રમમાં સ્વાર્થ ત્યાગ શી રીતે શીખી શકાય, તેનો બરાબર ખ્યાલ આવી શકશે.

જિતેંદ્રિયપણું.

મનુષ્યમાં કામિકવાસનાનું પ્રાબલ્ય સૌ કરતાં વિશેષ પ્રમાણમાં

માલૂમ પડે છે. તે વૃત્તિ યા વાસના એકદમ દાબી દેવાથી નાશ પામે તેવી નથી. માટે ગૃહસ્થાશ્રમમાં રહી માણુસ ધીમે ધીમે તે વૃત્તિને નિયમમાં લાવવા પ્રયત્ન કરે છે અને તેમાં અંતે તે વિજય પણુ પ્રાપ્ત કરે છે. કારણુ કે એકદમ તે કામિકવાસનાને દાબી દેવી તે સામાન્ય મનુષ્ય વર્ગને માટે અશક્ય કામ છે. અને જો તેવો પ્રયત્ન કરવામાં આવે તો ઘણીવાર આઘાત અને પ્રત્યાઘાતના નિયમ (Law of action and reaction) પ્રમાણે તે વૃત્તિ વિશેષ બળથી **બીજા રૂપમાં** સ્ફુરી નીકળે છે. અને માણુસ હતો તે કરતાં વધારે વિષયી કે દુરાચારી બને છે. એકજ ફટકાવડે તે વૃત્તિને મારી નાખી શકાય નહિ, પણુ નિયમિતતા—જિતેંદ્રિયપણુાનો મહાવરો પાડવાથી અને ગૃહસ્થાશ્રમમાં ધીમે ધીમે તેને સંયમમાં લાવવા પ્રયત્ન કરવાથી, અને હલકી વૃત્તિઓને ઉચ્ચ સ્વભાવ વડે વશ કરવાથી આ કામ થઈ શકે તેમ છે. તે ગૃહસ્થાશ્રમમાં રહીને વિષયસુખની ક્ષણિકતાનું જ્ઞાન પામ કરે છે. વળી તે સાથે વિષયસુખને લીધે થતી વીર્યહાની અને વીર્યહાનીને લીધે આવતી નિર્બળતાનો તેને ખ્યાલ આવે છે, અને આ રીતે તે કામિકવૃત્તિને નિયમિત માપમાં રાખતાં અને છેવટે સંપૂર્ણ વશ કરતાં શીખે છે. આ રીતે અનિયમિત વિષયી પુરૂષ ગૃહસ્થાશ્રમદ્વારા જિતેંદ્રિયપણુાનો ઉમદા પાઠ શીખે છે, અને આવો માણુસ સંન્યાસને વાસ્તે પૂર્ણ રીતે લાયક થાય છે.

પ્રેમ.

આ સદ્દગુણુ ખીલવવાને ગૃહસ્થાશ્રમ જેવી બીજી એક પણુ ઉત્તમ શાળા નથી. પ્રેમ તેના સંપૂર્ણ સ્વરૂપમાં ગૃહસ્થ ખીલવી શકે છે. માનસિક શાસ્ત્રવેત્તાઓએ પ્રેમની વૃત્તિના ત્રણુ વિભાગ પાડ્યા છે. ઉચ્ચ પુરૂષો તરફના પ્રેમને તેઓ ભક્તિ અથવા પૂજ્યભાવ કહે છે. સરખી લાયકાતના પુરૂષો તરફના પ્રેમને તેઓએ મૈત્રી અથવા ભ્રાતૃ-

ભાવનું નામ અર્પેલું છે, અને આપણાથી હલકી પંક્તિના પુરૂષો તરફ જણાવવામાં આવતા પ્રેમને દયા–કરૂણા વગેરે ગુણોથી તેઓ ઓળખે છે. આ સર્વ સદ્ગુણો ખીલવવાનો પ્રસંગ ગૃહસ્થાશ્રમીને મળે છે. તે પોતાનાં માતાપિતા અને વડિલો તરફ **પૂજ્યભાવ** દર્શાવે છે; પોતાનાં ભાઇ બ્હેનો તરફ તે **મૈત્રીભાવ** જણાવે છે; પોતાની પત્ની તરફ પણ તેવોજ અપરિમિત પ્રેમ તે દાખવે છે; અને પોતાના પુત્ર પુત્રીઓ તથા કુટુંબના સકલ બાળવર્ગ પ્રત્યે તેનો પ્રેમ માયા કે **કરૂણા** રૂપે પ્રગટ થાય છે. આ રીતે સર્વ બાજુએથી પ્રેમ તેનામાં ખીલે છે. એક અમેરિકન લેખક જણાવે છે કે "પ્રેમ વગરનું જીવન તે જીવન છે જ નહિ, અથવા તેવું જીવન તે જીવતું મરણ છે." આપણે સર્વ પ્રેમ–પ્રેમ પોકારીએ છીએ, પણ પ્રેમના **ગુલાબ** નીચે સ્વાર્થના **કાંટા** સંતાયેલા હોય છે, અને તેથી ખરા પ્રેમની સુગંધી આપણા હાથમાં આવતી નથી, પણ ઉપર જણાવેલા ઉદ્દેશથીજ ગૃહસ્થાશ્રમનો પ્રારંભ થાય તો થોડે ઘણે અંશે પણ તે લાગણી ખીલ્યા શિવાય રહે નહિ.

વાણી અને મનનો સંયમ.

ગૃહસ્થાશ્રમીઓને આ ગુણની ખાસ જરૂર છે. કારણ કે કુટુંબમાં સલાહ શાંતિ જાળવવાને અને યોગ્ય સુખ પ્રાપ્ત કરવાને માણસે આ સદ્ગુણ પ્રમાણે પોતાનું વર્તન રાખવું જોઇએ. એક અંગ્રેજ લેખક જણાવે છે કે 'આત્મસંયમ તે કુટુંબના સુખની પ્રથમ શરત છે.' કુટુંબદ્વારા સુખની ઇચ્છા રાખનારે પોતાના હલકા સ્વભાવ ઉપર કાબુ રાખવો જોઇએ, કારણ કે હૃદયની કટુતાથી નહિ પણ હાસ્યમાં બોલાયલાં કટાક્ષનાં વચનો પણ ઝટ ઉશ્કેરાઇ જાય તેવા પુરૂષોની પત્નીને ઘાયલ કરે છે, અને આ રીતે કલેશનું બીજ રોપાય છે, જે પરિણામે કુટુંબની સુલેહશાંતિનો અંત આણે છે. " એક

ક્ષનાં વચનો" તત્ત્વવેત્તા કાર્લાઇલના શબ્દોમાં કહીએ તો "સેતાનની ભાષા છે અને તે કારણથીજ લાંબા વખતથી તેનો ઉપયોગ કરવો મેં છોડી દીધો છે."

"अनुद्वेगकरं सत्यं वाङ्मयं तप उच्यते"

બીજાને ઉદ્વેગ કરનારૂં ન હોય, અને સત્ય હોય તે વાક્યને વાણીનો તપ કહેલો છે, ડાહ્યા પુરૂષોએ નમ્ર અને પ્રિય વચનોનો ઉચ્ચાર કરવો તેટલુંજ નહિ પણ તે સાથે બાહ્ય દેખાવ પણ શાંત રાખવો જોઇએ. પણ જો લાગણી અંતરમાં હશે, તો ગમે ત્યારે તે બ્હાર પ્રકટી નીકળ્યા વિના રહેશે નહિ; માટે તે લાગણીનેજ દાબી દેવી એજ હિતકારી છે.

તે લાગણીનું મૂળ કારણ અભિમાન, ઈર્ષ્યા અને ઝટ ઉશ્કેરાઇ જાય તેવો સ્વભાવ હોય છે. એવા સ્વભાવવાળા ન બોલવાનું બોલી દે છે, અને ન કરવા યોગ્ય કામ, ઉશ્કેરાઈ જતાં કરી દે છે. તેવા પુરૂષો પણ **કુટુંબના સુખને અર્થે** પોતાના ઝટ ઉશ્કેરાઈ જાય તેવા સ્વભાવપર કાબુ રાખવાનું શિખે છે. આત્મસંયમ એ ઉત્તમ માણસનું એક ઉમદા લક્ષણ છે. માટે મનુષ્યે નજીવી બાબતમાં પોતાના મન ઉપરનો નિગ્રહ ખોવો નહિ, પણ મનની શાંતિ જાળવી રાખવી. **સર વૉલ્ટર સ્કૉટનો** દાખલો આ સંબંધમાં બહુ અનુકરણ કરવા યોગ્ય છે. તેનું જીવનચરિત્ર લખનાર જણાવે છે કે, દુનિયામાં પોતાને શિર પડેલા અસહ્ય ઘાનું વેર તે પોતાના કુટુંબીઓ ઉપર લેતો નહિ. પોતાના ધંધામાં ગમે તેવી મુશ્કેલીઓ તેને માથે આવી પડી હોય, છતાં જ્યારે તે ઘેર આવતો ત્યારે તદ્દન બદલાયલો જણાતો હતો. કુટુમ્બની શાંતિમાં વિઘ્નકારક સર્વે વસ્તુઓનો ભે આપવા તે જરા પણ ડરતો ન હતો. માટે કુટુમ્બમાં શાંતિની ઇ રાખનારે વાણીને મનના સંયમમાં રાખવાની જરૂર છે. તેમજ

પુરૂષે ચીડાઇ ગયેલું વદન કરવું નહિ, અને ક્રોધના વિચાર પણ હૃદયમાં રાખવા નહિ કારણ કે એકત્ર થયેલી ક્રોધની ગતિને કાર્ય રૂપે પરિણમતાં વાર લાગતી નથી.

ક્ષમા.

આ ગુણની પણ ગૃહસ્થાશ્રમમાં અતિશય જરૂર છે. કુટુમ્બના કોઈ માણસે આપણને એક કટુ વચન કહ્યું. હવે જો આપણે તે વચન સારૂ તેનાપર ક્રોધે ભરાઇએ અને ગમે તેવા શબ્દોમાં તેનો પ્રત્યુત્તર આપીએ તો તેનામાં દ્વેષની લાગણી વૃદ્ધિ પામે છે અને ક્લેશ કંકાશ થાય છે અને કુટુમ્બની શાંતિનો અંત આવે છે. તમારા પુત્રે, દાખલા તરીકે, એક ચીનાઇ રકાબી રમતમાં ફોડી નાંખી; તમે તેનાપર ક્રોધ કરો એ સ્વાભાવિક નિયમ છે. પણ તમારે તે સમયે ક્ષમા આપવી જોઇએ. તમે તેને શિક્ષા કરી શકો, પણ શિક્ષાથી તેના મનપર જે અસર થાય તેના કરતાં વિશેષ અસર તમે પ્રેમથી કરી શકશો. પ્રેમનું પ્રાબલ્ય કેટલું છે તેની ખબર હજુ બહુ થોડા મનુષ્યોનેજ છે. કેટલીક વાર બાહ્ય સ્વરૂપ ક્રોધનું ધારણ કરવું પડે પણ **હૃદયના શાંતિ** તો અખંડિતજ રાખવી જોઇએ. " તમારે બાહ્ય સ્વરૂપ સર્પનું રાખવું કે જેથી કોઇ તમને હેરાન કરી ન જાય. પણ તે સાથે તમારૂં હૃદય કબુતર જેવું રાખવું જોઇએ, કે જેથી કોઇને તમે વિના કારણ હેરાન ન કરો. " ક્ષમાને કેટલાક ...ળતારૂપે ગણે છે, પણ સર્વ સ્થળે તેમ નથી. શિક્ષા કરવાની સત્તા ...ં તે ઉદાર હૃદયને લીધે, અને વધારે વિરોધ અટકાવવાના હેતુથી ...ા કરે છે. આ ક્ષમા કોઇ પણ રીતે દોષરૂપ નથી, તે તો મહાપુ...નું એક પરમ લક્ષણ છે. અને તે સદ્ગુણ પણ ધીમે ધીમે ગૃહ...સમાં ખીલતો જાય છે.

છેવટ.

આવી રીતે અનેક સદ્‌ગુણોને કેળવવાની શાળા ગૃહસ્થાશ્રમ છે. પણ આવો પરમ ઉદ્દેશ ધ્યાનમાં રાખી જે માણસ ગૃહસ્થાશ્રમ સેવે તોજ તે સદ્‌ગુણો સંપૂર્ણ રીતે ખીલી નીકળે. ઘણા મનુષ્યો કાંઈ પણ ખાસ ઉદ્દેશ વિના પોતાનું જીવન નિરર્થક વ્યતીત કરે છે. તેઓનું કાંઈ પણ સાધ્યબિંદુ હોતું નથી. કાંઈ પણ લક્ષ્ય સિદ્ધ કરવાનો તેઓનો પ્રયાસ હોતો નથી. તેવા એક મનુષ્યના સંબંધમાં તેની કબરપર મુદ્રાલેખ લખાયેલો હતો તે વિચાર કરવા યોગ્ય છે.

"This is the tomb of John Mac bride,
He lived, married & died."

"આ **જહોન મેક બ્રાઇડ**ની કબર છે, તે **જન્મ્યો, પરણ્યો** અને **મરણ પામ્યો.**"

જે મનુષ્યો આ જગતમાં જન્મીને જન્મ, લગ્ન અને મરણના ત્રણ અનિવાર્ય કર્તવ્ય સિવાય બીજું કાંઈ ઉપયોગી કાર્ય કરતા નથી અને પશુની માફક પોતાનો જન્મ ગુમાવે છે, તેઓ આ જીંદગીરૂપી શાળામાંથી કાંઈ પણ ઉત્તમ શિક્ષણ ગ્રહણ કરી શકતા નથી, અને ફરીથી તેઓ જ્યારે જન્મે છે ત્યારે ફરીથી એની એ ઘટ્ટમાળમાં રખડયા કરે છે. પણ જો ગૃહસ્થાશ્રમની ઉચ્ચ ભાવનાનો તેમને ખ્યાલ આવે, અને તે માર્ગે ચાલવાને જો તેઓ ઉત્સુક થાય તો આ સંસારરૂપી શાળામાંથી કાંઇ ને કાંઇક બોધ તેઓ જરૂર ગ્રહણ કરે, તેવો બોધ ગ્રહણ કરવાને તેઓ લલચાય. તેટલાજ હેતુથી આ લેખ લખવાની પ્રવૃત્તિ થઇ છે; અને તેમાંજ આ લેખની સાર્થકતા છે.

સમાપ્ત.

આ લેખકે રચેલાં બીજાં પુસ્તકો.

ગુરૂ દર્શન—તત્ત્વવિદ્યાને આધારે આર્ય ધર્મમાં માન્ય ગણાતા ઉત્તમ નીતિના સિદ્ધાંતોને પ્રતિપાદન કરનાર આ પુસ્તક ગાયકવાડી કેળવણી ખાતાએ લાયબ્રેરી તથા ઇનામ માટે મંજુર કર્યું છે, તથા સરકારી કેળવણી ખાતાએ પણ પ્રાયમરી સ્કુલોમાં લાયબ્રેરી માટે મંજુર કર્યું છે. સુરત મ્યુનિસીપાલ સ્કુલોમાં એક નૈતિક પુસ્તક તરીકે શિખવવામાં આવે છે. તેનું હિંદી ભાષામાં ભાષાંતર થયું છે. અને ટુંક મુદતમાં તેની બે આવૃત્તિઓ થઇ છે. તેમાં **દાન, શીળ, વૈરાગ્ય, ક્ષમા, વીર્ય, ધ્યાન અને જ્ઞાન** એ સાત સદ્‌ગુણો ઉપર ઉત્તમ રીતે વિવેચન કરવામાં આવ્યું છે. અનેક માસિકો તથા ખાનગી સદ્‌ગૃહસ્થો તરફથી ઘણાં પ્રમાણ પત્રો મળ્યાં છે. આવૃત્તિ બીજી. કીંમત બોર્ડનું પુઠું ૦—૬—૦ છીંટનું પુંઠું ૦—૮—૦

શ્રી બુદ્ધોપદેશ—આ પુસ્તકમાં શ્રી બુદ્ધધર્મના લોક પ્રિય ગ્રન્થ ધમ્મપદનું ભાષાંતર આપવામાં આવ્યું છે. અને તેની સાથે શ્રી બુદ્ધ ધર્મનાં વિવિધ શિક્ષણો આપવામાં આવ્યાં છે, વળી જેના સમયમાં હિંદનો સૂર્ય મધ્યાકાશમાં પ્રકાશતો હતો, તે પ્રતાપી બૌદ્ધ રાજા મહાન્ અશોકના શિલાલેખોનું ભાષાંતર આપવામાં આવ્યું છે. જૂદા જૂદા ધર્મનો મુકાબલે અભ્યાસ કરનારા વાસ્તે શ્રીબુદ્ધ ધર્મ સંબંધી જ્ઞાન મેળવવા આ ઉત્તમ સાધન છે. બે માસમાં તેની ૪૦૦૦ ની બે આવૃત્તિઓ થઈ છે. કીમત રૂ. —૦—૬—૦

આત્મપ્રદીપ—જૈનમુનિ શ્રી બુદ્ધિસાગરજીએ રચેલા આ ... ઉપર શુદ્ધ સરલ ભાષામાં વિસ્તાર સહિત વિવેચન કરવામાં ... છે. તેમાં જૈન દૃષ્ટિએ આત્માનું સ્વરૂપ કેવું છે? પુનર્જન્મની [illegible]

આવશ્યકતા શી છે? આત્મા કેવી રીતે કર્મથી મુક્ત થઈ શકે? વ
આત્માના અમરત્વના શા પુરાવા છે? વગેરે પ્રશ્નોનો ખુલાસો :
પવામાં આવેલો છે. સુપર રોયલ સોળપેજી પૃષ્ટ ૩૦૦ આવું દળ
પુસ્તક છતાં તેની કીમત માત્ર રૂા. ૦-૮-૦

શ્રીબુદ્ધચરિત્રઃ—વિશ્વવત્સલ દયામૂર્તિ શ્રી બુદ્ધ મહાન જીવન ચરિત્ર તેમના સિદ્ધાંતો સાથે આ ગ્રન્થમાં આપવામાં આ છે. દુનિયાની વસ્તીનો ભાગ પ્રાતઃકાળમાં ઉઠીને જે મહાત્માનાં ન સ્મરણ કરે છે, તેમનું 'દયા' અને 'આત્મસંયમ' નો ઉમદા શિખવનાર જીવનચરિત્ર અતિ રસિક અને બોધપ્રદ શૈલિએ રચવામાં આવ્યું છે. પૂર્વના તેમજ પશ્ચિમના અનેક વિદ્વાનોના ગ્રન્થોને આધારે બહુજ કાળજી પૂર્વક લખવામાં આવ્યું છે. છ માસમાં તેની ૫૦૦૦ નકલની ચાર આવૃત્તિ થઈ છે. કી. ૦-૮-૦

ધર્મબિન્દુ—શ્રીહરિભદ્રસૂરિ કૃત મૂળ સાથે. વિશાળ દષ્ટિ અને બોધક શૈલીથી વિવેચન કરવામાં આવ્યું છે. ઉચ્ચ જીવન ગાળવાને વાસ્તે ઉત્તમોત્તમ પુસ્તક છે. ૪૫૦ પાનાનું પાકી બાઇન્ડીંગનું મૂલ્ય રૂ. ૧-૮-૦

સુબોધચંદ્ર...	... ૦-૮-૦	મહાન્ ગુરૂનો પ્રસાદ...	૦-૨-૦
સ્વરશાસ્ત્ર ...	... ૦-૪-૦	ગુરૂ નાનકનું જીવનચરિત્ર	૦-૧-૦
દયાનો ઝરો	... ૦-૪-૦	શાંતિનું સ્થળ ...	૦-૧-૦
જ્ઞાનદીપક ...	... ૦-૩-૦	મનુષ્ય ભવિષ્ય પોતાના હાથમાં ...	...
સ્ત્રી કેળવણી અને સદ્વર્તન	૦-૨-૦	જૈન ધર્મ ...	... ૦
યોગમાર્ગનો ભોમીઓ...	૦-૧-૦		

(દરેક પુસ્તકોનું પોસ્ટેજ વી. પી. ખર્ચ જુદું

મળવાનું ઠેકાણું—કર્તા પાસેથી રત્નપોળ—અમ